અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ મે ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૩

વર્ષ : ૧૬
અંક : ૩૨૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ભારત સરકારે ફરી એક વખત મોટી જાહેરાત કરી | મોકડ્રિલ આજે ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરમાં યોજાશે

# પાકિસ્તાનને અડીને આવેલા રાજ્યોમાં યોજાશે મોકડ્રિલ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ગુરુવારે સાંજે પાકિસ્તાનને અડીને આવેલા રાજ્યોમાં એક મોક ડ્રીલ યોજાશે. આ મોક ડ્રીલ ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરમાં યોજાશે. આ સમય દરમિયાન, લોકોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવશે. જણાવી દઈએ કે, આવતી કાલે એટલે કે, ૨૯ મેના રોજ સરકારના આદેશ મુજબ મોકડ્રિલ કરવામાં આવશે.



સરકારે ૪ રાજ્યો - જમ્મુ અને કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાત - માં મોક ડ્રીલ કરવાનો આદેશ આપ્યો છે. આ ૪ રાજ્યોની સરહદો પાકિસ્તાન સાથે જોડાયેલી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૩,૩૦૦ કિલોમીટરથી વધુની સરહદ છે. જમ્મુ અને કાશ્મીર સાથેની સરહદને નિયંત્રણ રેખા (LoC) કહેવામાં આવે છે. જ્યારે, પંજાબ, રાજસ્થાન અને ગુજરાત સાથેની સરહદને આંતરરાષ્ટ્રીય સરહદ (IB) કહેવામાં આવે છે. આ અગાઉ પણ, કેન્દ્ર સરકારે પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ૭ મેના રોજ દેશના ૨૪૪ જિલ્લાઓમાં મોક ડ્રીલ કરવાની જાહેરાત કરી હતી. પરંતુ ૬-૭ મેની રાત્રે, ભારતે પાકિસ્તાનના આતંકવાદી ઠેકાણાઓ પર લશ્કરી કાર્યવાહી કરી હતી. ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતે પાકિસ્તાનના નવ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલો કર્યો હતો, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હતા. પરંતુ પાકિસ્તાનના ૧૨ વધુ આતંકવાદી ઠેકાણાઓની યાદી તૈયાર છે. PoK થી પાકિસ્તાનની અંદર સુધી આતંકવાદના મૂળને નાબૂદ કરવા માટેનું ઓપરેશન ચાલી રહ્યું છે. ભારતના ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાન ગભરાઈ ગયું છે. આખો દેશ આતંકથી ભરેલો છે. આ દરમિયાન, પાકિસ્તાન ઓપરેશન સિંદૂર જેવા બીજા ઓપરેશનથી ડરી રહ્યું છે. ભારતે અત્યાર સુધી ફક્ત ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા છે. આવી સ્થિતિમાં, પાકિસ્તાનમાં ૧૨ વધુ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી શકાય છે. આ અગાઉ, ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, આતંકવાદના બાકીના ઠેકાણાઓને પણ ખતમ કરવામાં આવશે. ભારત આ માટે સંપૂર્ણ પણે તૈયાર છે. ભારતના સરહદી વિસ્તારોમાં વાયુ સંરક્ષણ પ્રણાલી એલર્ટ પર છે. પાકિસ્તાનની ગભરાટ અને નિયંત્રણ રેખા પર તેના ગોળીબારને જોઈને, સેનાએ કાશ્મીરના ૧૦ જિલ્લાઓમાં નિયંત્રણ કેન્દ્રો સ્થાપ્યા છે.

જણાવી દઈએ કે, આતંકવાદની કમર તોડવા માટે, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને POKમાં આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. ભારતીય સેના, વાયુસેના અને નૌકાદળના સંયુક્ત ઓપરેશન હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં જે નવ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા તેમાં બહાવલપુર, મુરીદકે, ગુલપુર, ભીમ્બર, ચક અમરુ, બાગ, કોટલી, સિયાલકોટ અને મુઝફ્ફરાબાદનો સમાવેશ થાય છે. બહાવલપુરમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય મથક અને મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાનું મુખ્ય મથક નિશાન બનાવવામાં આવ્યું હતું.

કેબિનેટ બેઠકમાં લેવાયા મોટા નિર્ણય

## ખરીફ પાક પર MSP નક્કી, વ્યાજ સહાય યોજનાનું પણ એલાન કરાયું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

આજે(૨૮ મે) કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પાંચ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેની માહિતી કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આપી છે. ખેડૂતોના કલ્યાણને પ્રાથમિકતા આપતા, ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) હેઠળ રૂ. ૨,૦૭,૦૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ સિવાય ખેડૂતોને પોષણક્ષમ દરે લોન આપવા માટે વ્યાજ સહાય યોજનાને પણ મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટ તરફથી ત્રણ મુખ્ય પ્રોજેક્ટ્સને પણ લીલી ઝંડી મળી ગઈ છે. જેમાં આંધ્રપ્રદેશમાં ૪-લેન બડવેલ-નેલ્લોર હાઈવે, મહારાષ્ટ્રમાં ૧૩૫ કિલોમીટર લાંબી વર્ધા-બલ્લારશાહ રેલ્વે લાઈન અને મધ્યપ્રદેશમાં ૪૧ કિલોમીટર લાંબી રતલામ-નાગડા રેલ્વે લાઈન પહોળી



કરવાની યોજનાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) મંજૂર કરવામાં આવ્યા છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૨,૦૭,૦૦૦ કરોડ થશે. આ ટેકાના ભાવ કૃષિ ખર્ચ અને કિંમતો આયોગ (CACP) ની ભલામણો પર આધારિત છે, જે ઉત્પાદન ખર્ચ પર ઓછામાં ઓછા ૫૦% નફો સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવો, પાક વચ્ચે સંતુલન, કૃષિ અને બિન-કૃષિ ક્ષેત્રો વચ્ચે વેપાર સંતુલન જેવા ઘણા મહત્વપૂર્ણ પાસાઓ પર પણ વિચારણા કરવામાં આવી છે. ખેડૂતોને કાર્યકારી મૂડીની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે વ્યાજ સબસિડી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના પર ૧૫,૬૪૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે અને આ હેઠળ, કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) દ્વારા ખેડૂતોને લોન આપવામાં આવશે. ન્યૂનતમ સમર્થન કિંમત એટલે કે MSP ખેડૂતોને આપવામાં આવતી એક ગેરંટી જેવી હોય છે, જેમાં નક્કી કરવામાં આવે છે કે બજારમાં ખેડૂતોની પાક કયા ભાવે વેચાશે. હકીકતમાં, પાકની વાવણી દરમિયાન જ પાકોની કિંમત નક્કી કરવામાં આવે છે અને આ નક્કી કરેલી કિંમતે ઓછામાં બજારમાં વેચાતી નથી.

### ન્યૂઝ બ્રિફ

## સાઉથના દિગ્ગજ અભિનેતા કમલ હાસન રાજ્યસભામાં કરશે એન્ટ્રી!



| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

અભિનેતાથી રાજનેતા બનેલા કમલ હાસન સંસદના ઉપલા સદન રાજ્યસભામાં એન્ટ્રી લઈ શકે છે. તમિલનાડુ રાજ્યસભાની ખાલી પડેલી બેઠકો મુદ્દે સત્તાધારી પક્ષ ડીએમકેએ ખુલાસો કર્યો છે કે, અમે રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણીમાં ચાર બેઠક પર ચૂંટણી લડીશું. જ્યારે એક બેઠક કમલ હાસનના પક્ષ મક્કલ નિધિ મય્યમ (એમએનએમ)ને આપવા નિર્ણય લીધો છે. આગામી ૧૯ જૂનના રોજ રાજ્યસભાની કુલ આઠ બેઠક પર ચૂંટણી યોજાશે. જેમાં તમિલનાડુની છ અને આસામની બે બેઠક સમાવિષ્ટ છે. ડીએમકેએ રાજ્યસભા ચૂંટણી માટે ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

ચીનની વધુ એક અવળચંડાઈ આવી સામે!

## ડ્રેગન ત્રણ વર્ષથી ભારતને નથી આપી રહ્યું નદીઓના કોઈપણ ડેટા

| (એજન્સી) નવીદિલ્હી, તા.૨૮ |

પહલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સાથેની ૬ દાયકા જૂની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી છે, આ સાથે જ હવે બંને દેશો વચ્ચે નદીઓ સંબંધિત કોઈપણ ડેટા શેર કરવામાં નહિ આવે. એવામાં એક મીડિયા એજન્સી દ્વારા RTI દાખલ કરીને ભારત અને ચીન વચ્ચે થયેલા હાઈડ્રોલોજિકલ પ્રોજેક્ટ અંગેનો ડેટા માંગવામાં આવ્યો છે. જળ શક્તિ મંત્રાલયે RTI માં ખુલાસો કર્યો હતો કે ૨૦૨૨ થી ચીન તરફથી કરાર થયો હોવા છતાં કોઈ જ હાઈડ્રોલોજિકલ ડેટા કે હાઈડ્રો સ્ટ્રક્ચર શેર કરવામાં આવ્યો નથી, તેમજ બ્રહ્મપુત્ર અને સતલજ પરના એમઓયુ અનુક્રમે ૨૦૨૩ અને ૨૦૨૦ માં સમાપ્ત થઈ ગયા છે. ભારતની જળ સુરક્ષા અને માળખાગત વિકાસ માટે, ખાસ કરીને બ્રહ્મપુત્રા અને સતલજ જેવી સરહદ પારની નદીઓ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ નદીઓનો



ડેટા ભારતના પૂરની આગાહી, ચેતવણી સિસ્ટમ, બંધ અને પુલ જેવી માળખાગત સુવિધાઓનું આયોજન અને સંચાલન માટે મહત્ત્વપૂર્ણ છે. આ RTIમાં સતલજ અને બ્રહ્મપુત્રા નદીઓ માટે હાઈડ્રોલોજિકલ ડેટા શેર કરવા અંગે ભારત અને ચીન વચ્ચે થયેલા એમઓયુ અંગે પણ પૂછવામાં આવ્યું હતુ, જેના જવાબમાં જળ શક્તિ મંત્રાલયે જણાવ્યું હતું કે, બ્રહ્મપુત્રા નદી પર કરાર મૂળ ૨૦૦૨ માં હસ્તાક્ષરિત થયો હતો અને ૨૦૦૮ માં સમાપ્ત થયો હતો. સતલજ નદી પર MoU ૨૦૦૫ માં હસ્તાક્ષરિત થયો હતો અને ૨૦૧૦ માં સમાપ્ત થયો હતો. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે બ્રહ્મપુત્રા નદી પર કરાર ૨૦૦૮, ૨૦૧૩ અને ૨૦૧૮ માં રિન્યૂ કરવામાં આવ્યો હતો.

હાર્વર્ડ સાથે ૧૦૦ મિલિયન ડોલરનો કોન્ટ્રાક્ટ રદ કરશે ટ્રમ્પ સરકાર

## ડોનાલ્ડ ટ્રમ્પ તંત્રએ નવા સ્ટુડન્ટ વિઝા ઈન્ટરવ્યુ પર એકાએક રોક લગાવી

વિદેશી વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ચકાસણી માટે લેવાયેલો નિર્ણય

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ |

અભ્યાસ માટે અમેરિકા જવા ઈચ્છતા ભારત સહિતના વિશ્વના દેશોના વિદ્યાર્થીઓ માટે આંચકારૂપ ઘટનામાં ટ્રમ્પ વહીવટતંત્રએ તેના વાણિજ્ય દૂતાવાસોને નવા સ્ટુડન્ટ વિઝા માટેના ઈન્ટરવ્યુ પર રોક લગાવવાનો આદેશ આપ્યો છે.

વિદેશી વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની વિગતોની ચકાસણી કરવાના અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું એક અહેવાલમાં જણાવાયું છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોને ટાંકીને આ અહેવાલમાં જણાવાયું છે કે, સોશિયલ મીડિયાની ચકાસણીની કામગીરીને કારણે આગામી સૂચના જારી ના થાય ત્યાં સુધી દૂતાવાસોએ સ્ટુડન્ટ અથવા



એક્સચેન્જ વિઝિટર (એફ, એમ અને જે) વિઝાની નવી એક પણ એપોઈન્ટમેન્ટ જારી કરવી નહીં. આ આદેશ તત્કાલ અસરથી અમલી બનાવાયો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકન સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દ્વારા ગત માર્ચ મહિનામાં આ બાબતે સત્તાવાર જાહેરાત કરાઈ હતી. USCIS દ્વારા આ અંગે જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, તેઓ વિઝા માટે અરજી કરનારા અને ઈમિગ્રન્ટ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટની ચકાસણી કરશે અને જેમણે પોતાના એકાઉન્ટ્સમાં એન્ટિ-સેમિટિક (યહુદીઓ વિરોધી) કોમેન્ટ્સ કરી હશે તેમના વિઝા કે રેસિડેન્સી પરમિટ રદ કરવામાં આવશે. આ નીતિ તાત્કાલિક અસરથી અમલી બનાવાઈ છે અને તે સ્ટુડન્ટ વિઝા તથા ગ્રીન કાર્ડ્સ માટેની અરજીઓ પર લાગુ થશે. USCIS દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટની ચકાસણીના માપદંડો અને ડેટા સ્ટોરેજની સમયમર્યાદા જેવી વિગતો અપાઈ નથી. ઓનલાઈન એક્ટિવિટીમાં કઈ બાબતો વિઝા રીજેક્ટ કરાવી શકે છે તે અંગે વિગતો જાહેર થઈ નથી. સોશિયલ મીડિયા પર કઈ બાબતોથી દૂર રહેવું તેની સ્પષ્ટતા પણ કરાઈ નથી.વિશ્વપ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટી પર તઘલખી અંકુશો મૂકવા મચી પડેલી ટ્રમ્પ સરકારે હવે યુનિવર્સિટી સાથે ૧૦૦ મિલિયન ડોલરનો કોન્ટ્રાક્ટ રદ કરવા ફરમાન બહાર પાડ્યું છે.

BJPએ સરકાર બનાવવી તૈયારી કરી શરૂ

## મણિપુરમાં સરકાર બનાવવા માટેની ગતિવિધિ તેજ બની

રાજ્યપાલને મળીને ૪૪ ધારાસભ્યોના સમર્થનનો દાવો

| (એજન્સી) મણિપુર, તા.૨૮ |

મણિપુરમાં સરકાર બનાવવાની ગતિવિધિ તેજ બની છે. ભારતીય જનતા પાર્ટીના નેતા રાધેશ્યામ સિંહે બુધવારે (૨૮ મે, ૨૦૨૫) રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને મળ્યા બાદ સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે.

ભાજપના નેતા નવ અન્ય ધારાસભ્યો સાથે રાજભવનમાં રાજ્યપાલને મળ્યા હતા. ભાજપ ના નેતા રાધેશ્યામ સિંહે કહ્યું, "લોકોની ઈચ્છા મુજબ ૪૪ ધારાસભ્યો સરકાર બનાવવા માટે તૈયાર છે. અમે રાજ્યપાલને આ વાત જણાવી છે. અમે આ મુદ્દા માટે કયા ઉકેલો હોઈ શકે છે તેની પણ ચર્ચા કરી છે.૪૪ ધારાસભ્યો લોકોની ઈચ્છા મુજબ સરકાર બનાવવા માટે તૈયાર છે." તેમણે કહ્યું, "રાજ્યપાલે અમારી વાતની નોંધ લીધી છે અને લોકોના શ્રેષ્ઠ હિતમાં કાર્યવાહી શરૂ કરશે." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ સરકાર બનાવવાનો



દાવો રજૂ કરશે, ત્યારે તેમણે કહ્યું કે ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ નિર્ણય લેશે. ભાજપના નેતા રાધેશ્યામ સિંહે કહ્યું, "અમે તૈયાર છીએ એમ કહેવું એ સરકાર બનાવવાનો દાવો કરવા જેવું છે.

વિધાનસભા અધ્યક્ષ સત્યવ્રતે વ્યક્તિગત અને સંયુક્ત રીતે ૪૪ ધારાસભ્યોને મળ્યા છે. કોઈએ નવી સરકારની રચનાનો વિરોધ કર્યો નથી." તેમણે કહ્યું, "લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા કાર્યકાળમાં કોવિડને કારણે બે વર્ષ વેડફાયા હતા અને આ કાર્યકાળમાં સંઘર્ષને કારણે બે વર્ષ વેડફાયા છે." ભાજપ નેતા એન બિરેન સિંહે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ ફેબ્રુઆરીથી મણિપુર માં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે.

## 3 ખેલાડીઓએ મુંબઈ ઇન્ડિયન્સને અલવિદા કહ્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ (IPL 2025)માં મુંબઈ ઈન્ડિયન્સ (MI)નો રસ્તો સરળ લાગતો નથી. પંજાબ કિંગ્સ (PBKS) સામે હાર્યા બાદ, તેઓ પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે છે. તેમને એલિમિનેટરમાં ગુજરાત ટાઈટન્સનો સામનો કરવો પડશે. આ મેચ પહેલા ૩ ખેલાડીઓએ મુંબઈ ઈન્ડિયન્સને અલવિદા કહ્યું છે. તેમના જવાથી હાર્દિક પંડ્યાની મુશ્કેલી વધી ગઈ છે. રાયન રિકલ્ટન, કોર્બિન બોશ અને વિલ જેક્સ રાષ્ટ્રીય ટીમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે સ્વદેશ પરત ફર્યા છે. રિકેલ્ટન અને બોશ ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમમાં જોડાશે, જ્યારે જેક્સ ૨૯ મેથી વેસ્ટ ઈન્ડીઝ સામે ODI અને T20 શ્રેણી માટે ઈંગ્લેન્ડની ટીમમાં જોડાશે.

## ગુજરાત આવતી બિહાર STFની ગાડી રતલામમાં પલટી ગઈ

| (એજન્સી) રતલામ, તા.૨૮ |

ગુજરાત આવી રહેલી બિહાર STF (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)ની ગાડીનો મધ્ય પ્રદેશમાં અકસ્માત થયો છે. આ અકસ્માતમાં બે જવાનોના મોત નિપજ્યા છે અને ચાર અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના રતલામના દિલ્હી-મુંબઈ ૮ લેનવાળા એક્સપ્રેસ પર થઈ હતી. સમગ્ર ઘટનાની જાણકારી મળતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. રતલામ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત જવાનોની સારવાર થઈ રહી છે અને એકની સ્થિતિ ખૂબ જ ગંભીર જણાવવામાં આવી રહી છે. રતલામ SP અમિત કુમારે જણાવ્યું કે, બિહાર STFના જવાન દરોડા પાડવા જઈ રહ્યા હતા.

રાષ્ટ્રપતિએ પદ્મ પુરસ્કારથી લોકોને સન્માનિત કર્યા

## ગુજરાતના 3 સહિત દેશની કુલ ૬૯ હસ્તીઓ પદ્મ એવોર્ડથી સન્માનિત

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

રાષ્ટ્રપતિ ભવનમાં બુધવારે (૨૮ મે) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પદ્મ પુરસ્કાર ૨૦૨૫થી લોકોને સન્માનિત કર્યા છે. દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનમાંથી એક પદ્મ પુરસ્કાર ત્રણ શ્રેણીમાં આપવામાં આવે છે. જેમાં પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણનો સમાવેશ થાય છે.

આ પુરસ્કાર અનેક વિષય જેમકે કલા, સામાજિક કાર્ય, જાહેર બાબત, વિજ્ઞાન, વેપાર અને ઉદ્યોગ, ચિકિત્સા અને સાહિત્ય વગેરેમાં આપવમાં આવે છે. જેમાં ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જગદીશ સિંહ ખેહર, નૃત્યાંગના શોભના ચંદ્રકુમાર, એક્ટર અનંત નાગ અને પ્રતિષ્ઠિત કિંગ જોર્જ મેડિકલ યુનિવર્સિટીના કુલપતિ સોનિયા નિત્યાનંદ સહિત ૬૯ પ્રતિષ્ઠિત હસ્તીઓને મંગળવારે



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પદ્મ પુરસ્કારોથી સન્માનિત કર્યાં. ૨૦૨૫માં ૧૩૯ લોકોને પદ્મ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અનેક કેન્દ્રીય મંત્રી અને અનેક વિશેષ અતિથિ પણ હાજર હતાં. આ યાદીમાં ૭ પદ્મ વિભૂષણ, ૧૯ પદ્મ ભૂષણ અને ૧૧૩ પદ્મ શ્રી પુરસ્કાર પણ સામેલ છે. પુરસ્કાર વિજેતાઓમાંથી ૨૩ મહિલાઓ છે અને યાદીમાં વિદેશી/NRI/PIO/OCI શ્રેણીના ૧૦ વ્યક્તિ અને ૧૩ મરણોપરાંત પુરસ્કાર વિજેતા પણ સામેલ છે.

## શેરબજાર લાલ નિશાનમાં બંધ, સેન્સેક્સ-નિફ્ટીમાં મોટો ઘટાડો

| (એજન્સી) મુંબઈ, તા.૨૮ |

બુધવારે ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ઈન્ડેક્સ ૨૩૯.૩૧ પોઈન્ટ ઘટીને ૮૧,૩૧૨.૩૨ પર બંધ થયો. જ્યારે ૫૦ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૭૩.૭૫ પોઈન્ટ ઘટીને ૨૪,૭૫૨.૪૫ પર પહોંચ્યો છે. બુધવારે સ્થાનિક શેરબજારના મુખ્ય બેન્ચમાર્ક સૂચકાંકો પણ લાલ રંગમાં બંધ થયા. અઠવાડિયાના ત્રીજા કારોબારી દિવસે બીએસઈ સેન્સેક્સ ૨૪૦ પોઈન્ટ ઘટ્યો. ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૨૩૯.૩૧ પોઈન્ટ ઘટીને ૮૧,૩૧૨.૩૨ પર બંધ થયો. તેમ જ ૫૦ શેરનો એનએસઈ નિફ્ટી ૭૩.૭૫ પોઈન્ટ ટકા ઘટીને ૨૪,૭૫૨.૪૫ પર બંધ રહ્યો છે.

એક કરોડની ખંડણીની માગ

## ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ત્રણ ભારતીયોનું ઈરાનમાં અપહરણ કરવામાં આવ્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ત્રણ ભારતીયોનું ઈરાનમાં અપહરણ થયુ છે. તેમના પરિવારજનો પાસે રૂ.૧ કરોડની ખંડણી માગવામાં આવી છે. આ ત્રણ યુવકો પંજાબના સંગરૂર, એસબીએસ નગર અને હોશિયારપુર જિલ્લાના રહેવાસી છે. આ ત્રણેય યુવકો દિલ્હીથી વર્ક પરમિટ પર ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા હતાં. એજન્ટ મારફત ઈરાન થઈ તેમને ઓસ્ટ્રેલિયા લઈ જવામાં આવી રહ્યા હતાં. તેઓ ૧ મેથી ગુમ થયા હતાં. ઈરાનમાં ભારતની એમ્બેસીએ સ્થાનિક પોલીસ અને સત્તાધીશોની મદદ લઈ આ ત્રણેય ગુમ યુવકોને શોધી કાઢવાની તજવીજ હાથ ધરી છે. ઈરાન પહોંચ્યા બાદ આ યુવકો ગુમ થયા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ૧૧ દિવસ સુધી તેમની



કોઈ ભાળ મળી ન હતી. બાદમાં તેમનો એક વીડિયો આવ્યો હતો. જેમાં તેમના હાથ-પગ બાંધેલા હતા. અને અપહરણકર્તાએ રૂ. ૧ કરોડની ખંડણીની માગ કરી હતી. વીડિયોમાં યુવકોના શરીર પર ઈજાના નિશાન છે. તેમજ તેમના ગળા પર ચપ્પુ મુકી ખંડણીની માગ કરવામાં આવી હતી. તેહરાનમાં ઈન્ડિયન એમ્બેસીએ આ મુદ્દે ઈરાન ઓથોરિટીને તાત્કાલિક ધોરણે ધ્યાન આપી શોધ કરવા માગ કરી છે. ગુમ એક યુવક હુસ્નપ્રીતની માતા બલવિંદર કૌરે સરકાર પાસે દિકરાને ઝડપથી પાછો લાવવા મદદ માગી છે.

## ઓપરેશન સિંદૂરનો લોગો આ ૨ લોકોએ તૈયાર કર્યો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ભારતીય સશસ્ત્ર દળના ઓપરેશન સિંદૂરને લઈને દરેક ભારતીય ગર્વની લાગણી અનુભવે છે. પરંતુ, આ ઓપરેશનની માહિતી આપતા દરમિયાન જે લોગો બનાવવામાં આવ્યો તે કોણે ડિઝાઈન કર્યો તે વિશે અનેક લોકો અજાણ છે. હકીકતમાં ઓપરેશન સિંદૂરનો સરળ અને પ્રતિકાત્મક લોકો બે સૈન્યકર્મી દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો હતો. આ લોગોએ દેશના કરોડો લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યું હતું. ૨૨ એપ્રિલે પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ૬ મેની રાત્રે પાકિસ્તાન અને PoKમાં ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર હેઠળ નવ આતંકી ઠેકાણાને નષ્ટ કરી દેવાયા હતા.

# RTEમાં અમદાવાદની ૬૯ સ્કૂલમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ ન લીધો

## હાલમાં જે રીતે અંગ્રેજી માધ્યમનો ક્રેઝ જોવા મળી રહ્યો છે તેને જોતા વાલીઓ બાળકોને હિન્દી માધ્યમની સ્કૂલોમાં પ્રવેશ અપાવતા નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે હાલમાં બીજા રાઉન્ડની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી દરમિયાન અમદાવાદની ૬૯ જેટલી સ્કૂલમાં ઈઈના એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો ન હોવાની વિગતો સામે આવી છે. મોટાભાગના વિદ્યાર્થીઓએ અંગ્રેજી માધ્યમની સ્કૂલો પર પસંદગી ઉતારી હોવાથી હિન્દી માધ્યમની સ્કૂલોમાં પ્રવેશ લીધો ન હોવાનું જાણવા મળે છે. ૬૯ સ્કૂલ પૈકી ૫૫ સ્કૂલ હિન્દી માધ્યમની છે. બીજા રાઉન્ડની કાર્યવાહીમાં હવે બુધવારના રોજ પ્રવેશ કન્ફર્મ કરાવવાનો છેલ્લો દિવસ બાકી હોવાથી વાલીઓનો ધસારો જોવા મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર,



RTE અંતર્ગત અમદાવાદની ૧૩૦૦ સ્કૂલમાં ૧૪૭૭૮ બેઠક છે. જેમાં પ્રથમ રાઉન્ડની કાર્યવાહી દરમિયાન ૧૪૦૮૭ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો હતો, જેમાંથી ૧૩૨૯૪ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જ્યારે બીજા રાઉન્ડની કાર્યવાહીમાં ૧૪૯૪ બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો, જેમાંથી અત્યાર સુધીમાં ૯૪૬ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવી લીધો છે. જોકે, આ બધા વચ્ચે અમદાવાદની ૬૯ જેટલી સ્કૂલ એવી સામે આવી છે, જેમાં એક પણ વિદ્યાર્થીએ RTEમાં પ્રવેશ લીધો નથી.હાલમાં જે રીતે અંગ્રેજી માધ્યમનો ક્રેઝ જોવા મળી રહ્યો છે તેને જોતા વાલીઓ બાળકોને હિન્દી માધ્યમની સ્કૂલોમાં પ્રવેશ અપ ાવતા નથી. જેના RTEમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો ન હોય તેવી સ્કૂલોમાં મોટાભાગની સ્કૂલો હિન્દી માધ્યમની છે. હિન્દી માધ્યમની ૫૫ સ્કૂલમાં એક પણ વિદ્યાર્થીએ RTEમાં પ્રવેશ લીધો નથી. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની ૧૩ અને અંગ્રેજી માધ્યમની ૧ સ્કૂલનો સમાવેશ થાય છે. વાલીઓ દ્વારા પસંદગી ભરી ન હોવાના લીધે આ સ્કૂલોમાં પ્રવેશ થયા ન હોવાની વિગતો સામે આવી છે. બીજી બાજુ શિક્ષણ વિભાગ દ્વારા RTEમાં પ્રવેશ માટે બીજો રાઉન્ડ જાહેર કર્યો હતો. જેમાં ૭૦૦૬ બાળકને પ્રવેશની ફાળવણી કરવામાં આવી હતી. આ બાળકોના પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે ૨૮ મે સુધીની મુદત વાલીઓને આપ વામાં આવી હતી. જેથી હવે બુધવારના રોજ વાલીઓ પાસે શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો છેલ્લો દિવસ બાકી રહેશે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ખાલી પડેલી બેઠકો માટે ત્રીજો રાઉન્ડ યોજવો કે કેમ તે અંગે નિર્ણય કરાશે.

### "સરકાર પેન્શનરને દ્વાર"

# રાજકોટ જિલ્લાના પેન્શનરો ઘરે બેઠા નિઃશુલ્ક ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવી શકશે

। રાજકોટ, તા.૨૮ ।

ગુજરાત સરકારના પેન્શન મેળવતા કર્મચારીઓને દર વર્ષે જીવન પ્રમાણપત્ર આપવું પડે છે. ગુજરાત રાજ્યના સેવામાંથી નિવૃત થયેલ રાજકોટ જીલ્લાના પેન્શન મેળવતા પેન્શનરો અને કુટુંબ પેન્શનરોનું પેન્શન જે બેંકમાં જમા થાય છે તે બેંક ખાતે પેન્શનર રૂબરૂ જઈ દર વર્ષે કરવાની થતી હયાતી ખરાઈ જે-તે બેંકમા જઇ મે, જૂન અને જુલાઈ-૨૦૨૫ માસ દરમ્યાન તેઓના નામ તથા PPO નંબર સાથેની વિગતો ધરાવતા ફોર્મમાં પોતાની હયાતી ખરાઈ કરાવવાની થતી હતી..

"સરકાર પેન્શનરને દ્વાર"ના ખ્યાલને યથાર્થ કરવા ગુજરાત સરકારનાં નાણા વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેક્ન વચ્ચે થયેલી સમજૂતી મુજબ પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા ડાકઘરોમાં અથવા તેમના ઘરે મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર વહન કરશે. આ સેવા નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર દ્વારા વિકસિત 'જીવન પ્રમાણ' એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકોના માધ્યમથી આ સેવા મફતમાં આપવામાં આવી રહી છે.



દૂરના વિસ્તારોમાં રહેતા પેન્શનરો પણ સહેલાઈથી આ સેવાનો લાભ મેળવી શકશે. આ માટે પેન્શનરે પોતાનો આધાર નંબર, મોબાઈલ નંબર તથા પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર આપવો પડશે. જીવન પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પૂરી થયા પછી પેન્શનરને મોબાઈલ નંબર પર પ્રમાણ આઈ.ડી. એસ.એમ.એસ. દ્વારા મળશે. તેના આધારે (https://leevanpramaan.gov.in/ppouser/login) આપેલ સાઈટ પરથી પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય છે. ડિજિટલ બાયોમેટ્રિક પ્રમાણિત પ્રક્રિયા દ્વારા પેન્શનરોને મિનિટોમાં જ ડિજિટલ નકલ પેન્શન ઓફિસ સુધી પણ પહોંચાડી દેવામાં આવશે. આ નિર્ણયના કારણે રાજકોટ જિલ્લાના પેન્શનરોને ઘરે બેઠા આ સેવાનો લાભ મળશે. તેમ પેન્શન ચૂકવણા અધિકારીશ્રી પી.એમ. જાડેજાની યાદીમાં જણાવેલ છે.

## છોટાઉદેપુરના પાવી જેતપુરમાં વાવાઝોડાએ વિનાશ વેર્યો

। છોટાઉદેપુર, તા.૨૮ ।

છોટાઉદેપુરઃ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી અસહ્ય ગરમી બાદ ગતરાતે બાર વાગ્યાના સમયે વીજળીના કડાકા-ભડાકા અને વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. રાત્રીના ૧૨ વાગ્યા બાદ સમગ્ર જિલ્લામાં વરસેલા સાર્વત્રિક વરસાદ બાદ ફરી મળસ્કે ચાર વાગ્યે ભારે પવન સાથે કરા પડવાની ઘટનાઓ પણ સામે આવી હતી. આ ભયાનક વાવાઝોડા સાથે વરસેલા વરસાદે અત્ર-તત્ર સર્વત્ર વિનાશ વિખેર્યો છે. ત્યારે પાવી જેતપુરના અંતરીયાળ ગામમાં મકાનની દીવાલ ધરાશાયી થતાં એક મહિલાનું મોત નીપજ્યું છે. જેના ભયાનક દ્દશ્યો પણ સામે આવ્યા છે. મળસ્કે ચાર વાગ્યે કરા સાથે વરસેલા વરસાદે પાવી જેતપુર તાલુકાની એક મહિલાનો ભોગ લીધો છે. ભયાનક વાવાઝોડાને કારણે અતિ અંતરિયાળ એવા બોરધા ગામમાં વેતીયાભાઈ નાયકના મકાનની દીવાલ ધરાશાયી થતાં તેમની પત્ની મોજલીબેન નાયકનું મોત નીપજ્યું છે. વરસાદ અને વાવાઝોડાની સ્થિતિમાં વેતીયાભાઈ નાયક ઘરના દરવાજા પાસે બેઠા હતાં અને તેમની પત્ની મોજલીબેન ઘરમાં હતાં. તે દરમિયાન જ દીવાલ ધરાશાયી થઈ હતી. ઘટનાની જાણ થતાં ગામ લોકો દોડી આવ્યા હતા અને દીવાલનો કાટમાળ ખસેડવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

### ૪ માસથી ચાલી રહી છે કામગીરી

# કચ્છમાં e-KYC ના કરાવનારા ૨,૨૮,૩૪૯ લોકોનું અનાજ હાલ પૂરતું કરાયું બ્લોક

## હાલ પરમિટ ધારકનાં તમામ સભ્યોને ઇ-કેવાયસી કરાવવાનાં હોવાથી ૯,૩૯,૧૮૫ સભ્યોએ ઇ-કેવાયસી કરાવી લીધું છે

। (એજન્સી) કચ્છ, તા.૨૮ ।

કચ્છમાં નોંધાયેલા ૨,૭૧,૪૧૧ પરમિટ ધારકોના ૧૧,૬૭,૫૩૪ સભ્યોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત સસ્તા અનાજની દુકાનેથી નિઃશુલ્ક અનાજ વિતરણ કરવામાં આવે છે. ત્યારે હાલ પરમિટ ધારકનાં તમામ સભ્યોને ઈ-કેવાયસી કરાવવાનાં હોવાથી ૯,૩૯,૧૮૫ સભ્યોએ ઈ-કેવાયસી કરાવી લીધું છે. જ્યારે ૨,૨૮,૩૪૯ લોકોનું ઈ-કેવાયસી બાકી હોવાથી તેઓનો અનાજનો જથ્થો બ્લોક કરવામાં આવ્યો છે. કુલ ૧૯.૫૬ ટકા લોકોનાં હજુ પણ ઈ-કેવાયસી કરવાના બાકી બોલી રહ્યા છે. ગરીબ અને મધ્યમવર્ગને સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનેથી નિઃશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે કચ્છ જિલ્લામાં દસ તાલુકામાં નોંધાયેલા પરમિટ ધારકો પર નજર કરવામાં આવે તો લખપત તાલુકામાં ૧૨,૫૦૫ પરમિટ ધારકોનાં ૫૦,૭૩૫ સભ્યો, રાપર તાલુકાનાં ૨૯,૮૮૦ પરમિટ ધારકોનાં ૧,૨૯, ૭૪૯ સભ્યો, ભચાઉ તાલુકાનાં ૨૪,૮૬૦ પરમિટ ધારકોનાં ૧,૦૨,૧૭૧ સભ્યો, અંજાર તાલુકાનાં ૨૨,૬૭૦ પરમિટ ધારકોનાં ૯૬,૪૩૯ સભ્યો, ખાવડાનાં ૯,૬૬૮ પરમિટ ધારકોનાં ૪૧,૧૩૭ સભ્યો, નખત્રાણા તાલુકાનાં ૨૫,૪૦૨ પરમિટ ધારકોનાં ૧,૧૬,.૫૩૨ સભ્યો, અબડાસા તાલુકાનાં ૨૧,૦૬૧ પરમિટ ધારકોનાં ૯૬,૦૮૬ સભ્યો, માંડવી તાલુકાનાં ૩૦,૩૩૪ પરમિટ ધારકોનાં ૧,૩૫,૩૯૭ સભ્યો, મુન્દ્રા તાલુકાનાં ૧૮,૩૬૭ પરમિટ ધારકોનાં ૮૦,૬૭૮ સભ્યો, ગાંધીધામ તાલુકાનાં ૨૮,૬૧૩ પરમિટ ધારકોનાં ૧,૦૬,૮૭૫ સભ્યો, ભુજ તાલુકાનાં ૨૩,૪૯૨ પરમિટ ધારકોનાં ૧,૦૬,૫૨૮ સભ્યો અને ભુજ શહેરનાં ૨૪,૬૫૯ પરમિટ ધારકોનાં ૧,૦૫,૦૦૭ સભ્યોને અન્ન આપવામાં આવે છે. ત્યારે પરમિટ સાથે તેમાં નોંધાયેલા સભ્યોનું આધાર કાર્ડ પરમિટ સાથે લિંક કરાવવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં છેલ્લા ચારેક માસથી કચ્છ જિલ્લામાં ૨,૭૧,૪૧૧ પરમિટ ધારકોનાં ૧૧,૬૭,૫૩૪ સભ્યોમાંથી ૯,૩૯,૧૮૫ સભ્યોનું આધાર કાર્ડ પરમિટ સાથે લિંક થઈ ગયું છે. તેમ છતાં રાપરમાં ૩૧,૫૯૨, ભુજમાં ૨૫,૪૪૯, ભુજ(શહેર)માં ૨૩,૭૩૮, ખાવડામાં ૯,૧૦૧, ગાંધીધામમાં ૨૩,૪૬૬, નખત્રાણામાં ૨૩,૫૦૫, ભચાઉમાં ૨૦,૦૯૯, અબડાસામાં ૧૭,૫૮૨, લખપતમાં ૮,૫૫૭, અંજારમાં ૧૪,૯૫૧, માંડવીમાં ૧૯,૩૬૯ અને મુન્દ્રામાં ૧૦,૯૪૦ મળીને કુલ ૨,૨૮,૩૪૯ લોકોનું ઈ-કેવાયસી કરવાનું બાકી છે. ચારેક માસનો સમયગાળો આપ્યો છતાં પરમિટ ધારકોએ પોતાનાં સભ્યોનાં ઈ-કેવાયસી ન કરાવતા હોવાથી તંત્ર દ્વારા તેઓનાં અનાજનો જથ્થો હાલ સ્થગિત કરવામાં આવતાં લોકો ઈ-કેવાયસી કરાવવા માટે મામલતદાર સહિતની કચેરીઓમાં લાઈનો લગાવી રહ્યા છે.

તો સસ્તા અનાજના દુકાનદારો દ્વારા પણ પરમિટ ધારકોને ઈ-કેવાયસી કરાવવી લેવા માટે સમજણ આપવામાં આવી રહી છે.સરકાર દ્વારા પરમિટ ધારકોમાં નોંધાયેલા સભ્યો પૈકી જે સભ્યોના ઈ-કેવાયસી હશે તેવા સભ્યોની ગણતરી કરીને સસ્તા અનાજની દુકાનેથી રાશન વિતરણ કરવામાં આવી રહ્યું છે. એટલે કે ૧૦૦ ટકા ઈ-કેવાયસી જરૂરી બની ગયું છે, પરંતુ હાલે ૦થી૫ વર્ષના બાળકો માટે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે. કારણ કે, બાળકોનાં ફિંગર નાના હોય તેમજ ચહેરો પણ અસ્પષ્ટ હોવાને કારણે ઈ-કેવાયસી કરાવવામાં મુશ્કેલીઓ પડી રહી છે.

# ડુમ્મસના દરિયા કિનારે નિયમોના ધજાગરા, પ્રતિબંધ હોવા છતાં લોકો ન્હાવા પડ્યા

## દરિયામાં કરંટ હોવાથી તંત્ર દ્વારા પ્રતિબંધ મુકાયો છે છતાં પણ લોકોએ દરિયામાં ન્હાવા કુદીને નિયમોના ધજાગરા ઉડ્યા છે

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદની આગાહી છે ત્યારે અનેક દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સુરતના ડુમ્મસના દરિયા કિનારે નિયમોના ધજાગરા ઉડ્યા છે. પ્રતિબંધ હોવા છતાં લોકો દરિયામાં ન્હાવા પડ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ઉનાળાના વેકેશન સમયે પ્રવાસીઓ ડુમ્મસ દરિયા કિનારે ઉમટ્યા છે. વાવાઝોડાના પગલે દરિયામાં વારંવાર કરંટ આવતો હોવાથી તંત્ર દ્વારા પ્રતિબંધ મુકાયો છે. પોલીસ દ્વારા લોકોને દરિયામાં ન જવા માટે અપીલ કરાઈ છે છતાં પણ લોકો નિયમોના ધજાગરા ઉડાવતા જોવા મળ્યા હતા.વાવાઝોડુ આવે એ પહેલા સુરતનો ડુમ્મસ દરિયો ગાંડોતૂર બન્યો હતો પ્રતિબંધ હોવા છતાં લોકો દરિયામાં ન્હાવા પડ્યા અને નિયમોના ધજાગરા ઉડાવતા જોવા મળ્યા છે. ઉનાળાનું વેકેશન હોવાની લોકો ડુમ્મસના દરિયા કિનારની મુલાકાતે જતા હોય છે અને તેમાં ન્હાવા પણ પડે છે. આ વખતે વાવાઝોડાની શક્યતાઓને કારણે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે તેથી દરિયામાં ન્હાવા પર પ્રતિબંધ છે.દરિયામાં કરંટ હોવાથી તંત્ર દ્વારા પ્રતિબંધ મુકાયો છે છતાં પણ લોકોએ દરિયામાં ન્હાવા કુદીને નિયમોના ધજાગરા ઉડ્યા છે. પોલીસ દ્વારા લોકોને સમજાવા છતાં લોકો નથી સમજી રહ્યા.

# દિવ અને સોમનાથના દરિયામાં ભારે કરંટ વચ્ચે પ્રવાસીઓની જોખમી મોજ

## દરિયામાં ભારે કરંટ વચ્ચે પ્રવાસીઓ સ્નાન કરતા દેખાયા છે જિલ્લા મેજિસ્ટ્રેટે દરિયામાં સ્નાન કરવા પર પ્રતિબંધ મુક્યો છે

। (એજન્સી) દિવ, તા.૨૮ ।

ગુજરાતમાં એક સાથે ત્રણેક સિસ્ટમો સક્રિય થતાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. વરસાદી સિસ્ટમને કારણે દરિયામાં ઊંછા મોજા ઉછળવાની પણ શક્યતાઓ છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો નહીં ખેડવા માટે સૂચનાઓ પણ આપી છે. ત્યારે સોમનાથ અને દ્વારકાના દરિયામાં કરંટ જોવા મળ્યો છે. આવા સમયે પ્રવાસીઓ દરિયામાં જોખમી મોજ માણી રહ્યાં છે. સોમનાથનો દરિયો તોફાની માનવામાં આવે છે. હાલના સમયમાં દરિયો ગાંડોતૂર બની રહ્યો છે. ત્યારે પ્રવાસીઓ આ પ્રતિબંધિત દરિયામાં જોખમી સ્નાન કરી રહ્યાં હોવાના દ્રશ્યો સામે આવ્યાં છે. દરિયામાં ભારે કરંટ વચ્ચે પ્રવાસીઓ સ્નાન કરતા દેખાયા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે દરિયામાં સ્નાન કરવા પર પ્રતિબંધ મુક્યો છે. સામાન્ય રીતે દરિયા કિનારે પોલીસ પણ હાજર હોય છે પરંતુ આ પ્રવાસીઓને કોઈ રોકી રહ્યું હોય તેવું દેખાતું નથી. મહાકાય મોજાઓ સોમનાથના દરિયામાં ઉછળી રહ્યાં છે. ત્યારે જાહેરનામાનો ભંગ કરી લોકો બિન્દાસ્ત સ્નાન કરી રહ્યાં છે.

બીજી તરફ સંઘપ્રદેશ દિવમાં પણ પ્રવાસીઓ વરસાદમાં દરિયાની મોજ માણી રહ્યાં છે. દિવમાં વરસાદ થયા બાદ વાતાવરણ આહ્લાદક બન્યું હતું. પ્રવાસીઓ દરિયા કિનારે ગાડી ઉભી રાખીને મોજ માણતા નજરે પડ્યા હતાં. દરિયામાં કરંટ દેખાતો હોવા છતાં લોકો ફોટો ગ્રાફીનો આનંદ માણતા નજરે પડ્યાં છે. આ ઉપરાંત દ્વારકાના દરિયામાં પણ આજે રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. દરીયામા ભારે કરંટ જોવા મળ્યો છે. સંગમ ધાટથી ભડકેશ્વર મહાદેવ મંદિર વિસ્તારમાં ૧૫ થી ૨૦ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા છે.

**વિશેષ** દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ અને પશ્ચિમ ઝોનની પાંચ યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રવ્યાપી વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ ।

ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા 'યુવા શક્તિ, ભારત કી શક્તિ- એક યુવા, એક રાષ્ટ્ર, એક સંકલ્પ' શીર્ષક સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈનના અધ્યક્ષસ્થાને ભવ્ય વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોનની પાંચ યુનિવર્સિટીમાં આ રાષ્ટ્રવ્યાપી શપથ કાર્યક્રમ યોજાયો હતો.

મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક ઉદબોધન આપતા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહેલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સૂર્યના દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે. સર્વે સામાજિક અગ્રણીઓ, દેશભક્ત નગરજનો 'એક દેશ, શ્રેષ્ઠ દેશ'ની ભાવનાને સીમા પાર પહોંચાડી રહ્યા છે. દેશવાસીઓ દેશની અસ્મિતાને બળ આપવાની સાથે દેશભક્તિના





રંગમાં રંગાઈ ગયા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોનમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબ જ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારત દેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત @2047ને સાર્થક કરવા અને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઈન ઈન્ડિયા'ને સાર્થક કરવા વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની માનસિકતા બનાવીશું ત્યારે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાંસેલર સુશ્રી અમીબહેન ઉપાધ્યાયે કહ્યું હતું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહીં કરે. ઓપરેશન સિંદૂર એ ભારતના દુશ્મનોને દેશ દ્વારા આપવામાં આવેલો જવાબ છે. ભારતવાસીઓ સંયમ અને સામર્થ્ય બતાવવાવાળી પ્રજા છે. આર્થિક રીતે પ્રગતિ કરતા ભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માનવા અનુસાર યુવા શક્તિ એ ઉંમર કરતા સ્પિરિટની વાત વધુ છે. તેથી યુવા શક્તિ થકી વિશ્વને ભારતનું મહત્ત્વ બતાવવાનું છે. જે ભારતની સામે ઊભા હશે, તે ભારતના લોકોની સામે ઊભા હશે. યુવા શક્તિ સાથે ભારતને વિશ્વબંધુ બનતા કોઈ નહીં રોકી શકે.

આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા જોશ અને જુસ્સા સાથે 'મેરા ભારત, મેરા સંકલ્પ'ની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ભારતની એકતાનું પ્રતિનિધિત્વ કરવું, દેશ સેવાનાં કાર્યોમાં જોડાવું, રાષ્ટ્ર પ્રતીકોનું સન્માન કરવું, સ્વચ્છ ભારત બનાવતા સાથે ભારતને આત્મનિર્ભર દેશ બનાવવો, વિવિધતામાં એકતાના સંકલ્પનું સન્માન કરવું, મતદાનમાં ભાગીદાર થવું વગેરે જેવી બાબતો આ પ્રતિજ્ઞામાં સામેલ હતી. આ શપથ સમારોહ કાર્યક્રમમાં યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રી યતીન પટેલ અને શ્રી જયેશ પટેલ, રજિસ્ટ્રાર ડૉ. શ્રી અજયસિંહ જાડેજા સહિત રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં રાજ્યસભાના સાંસદ પાકા વેંકટ સત્યનારાયણ તેમના પરિવાર સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે મુલાકાત કરી.

**ન્યૂઝ બ્રિફ**

## કર્નલ સોફિયા અંગે વિવાદિત ટિપ્પણી મામલે ભાજપના મંત્રીને ધરપકડથી સુપ્રીમની રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કર્નલ સોફિયા કુરેશી પર આપત્તિજનક ટીપ્પણી કરવા મામલે મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ વિરૂદ્ધ તપાસ કરી રહેલી SITએ આજે સુપ્રીમ કોર્ટમાં સીલ બંધ કવરમાં સ્ટેટ્સ રિપોર્ટ રજૂ કર્યો હતો. રિપોર્ટમાં તપાસ પ્રારંભિક તબક્કામાં હોવાનું જણાવવામાં આવતાં વધુ સમયની માગ કરવામાં આવી હતી. જેના પગલે સુપ્રીમ કોર્ટે વિજય શાહને રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે SITને તપાસ માટે વધુ સમયની ફાળવણી કરતાં વિજય શાહની ધરપકડ પર રોક મૂકી છે. SITએ કહ્યું કે, નિવેદનોનો વીડિયો ભોપાલ FSLને મોકલવામાં આવ્યો હતો. પરંતુ સ્રોતોના અભાવે તે તપાસ વિના જ પરત આવ્યો હતો. એક પત્રકારના મોબાઈલને પણ CFSL મોકલવામાં આવ્યો છે. અત્યારસુધી ૭ સાક્ષીના નિવેદનો લીધા છે. ઘટના સંબંધિત વીડિયો અને મીડિયા રિપોર્ટ્સનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મંત્રીના માફીવાળા નિવેદનની પણ તપાસ ચાલુ છે. આજની સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે SITને તપાસ માટે સમય આપ્યો છે. જેથી આગામી સુનાવણી જુલાઈના ત્રીજા સપ્તાહમાં હાથ ધરાશે.

## આવનારા પાંચ વર્ષમાં તૂટશે ગરમીના તમામ રેકોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સંયુક્ત રાષ્ટ્રના WMO એ પોતાના લેટેસ્ટ રિપોર્ટમાં ચેતવણી આપી છે કે, આવનારા, પાંચ વર્ષોમાં વૈશ્વિક તાપમાનમાં કોઈ રાહતની આશા નથી. બુધવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, આ સમયગાળા દરમિયાન સરેરાશ વૈશ્વિક તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાવાની સંભાવના ૭૦ ટકા છે, જે પેરિસ કરારના લક્ષ્યથી ઉપર છે. આ સાથે જ ૮૦ ટકા સંભાવના છે કે, આગામી પાંચ વર્ષ (૨૦૨૫-૨૦૨૯)માં ઓછામાં ઓછા એક વર્ષ રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ શકે છે. આ રિપોર્ટ એવા સમયે સામે આવ્યો જ્યારે દુનિયા સતત બે વર્ષ (૨૦૨૩ અને ૨૪) સૌથી વધુ ગરમીનો સામનો કરી ચૂકી છે. રિપોર્ટ અનુસાર, પ્રત્યેક વર્ષે ઐતિહાસિક ધોરણે 1.2°Cથી 1.9°C તાપમાન રહેવાની સંભાવના છે. જે તેની ૧૮૫૦-૧૯૦૦ની સરેરાશ કરતાં વધુ ગરમ છે.

### ડ્રાઈવરનું પણ અપહરણ

# ઓડિશાના રાઉરકેલામાં વિસ્ફોટકો ભરેલી ટ્રક નક્સલીઓ લૂંટી ગયા

### નક્સલીઓએ દોઢ ટન વિસ્ફોટક ભરેલી ટ્રક લૂંટી લીધી છે : આ ઘટના બાદ ઝારખંડ અને ઓડિશા પોલીસ એલર્ટ

। (એજન્સી) રાઉરકેલા, તા.૨૮ ।

ઓડિશાના રાઉરકેલામાં નક્સલીઓએ ફરી એક વખત સુરક્ષા વ્યવસ્થાને પડકારી છે. નક્સલીઓએ વિસ્ફોટકથી ભરેલી ટ્રક લૂંટી લીધી છે. નક્સલીઓએ દોઢ ટન વિસ્ફોટક ભરેલી ટ્રક લૂંટી લીધી છે. આ ઘટના બાદ ઝારખંડ અને ઓડિશા પોલીસ એલર્ટ પર છે. આ ટ્રક રાઉરકેલાના કેબલાંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાંકો પથ્થરની ખાણ તરફ જઈ રહી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે નક્સલીઓએ ટ્રકને રોકીને તેના ડ્રાઈવરને બંધક બનાવી લીધો અને ટ્રકને બળજબરીથી સારંડાના ગાઢ જંગલ તરફ લઈ ગયા. ઘટના બાદથી ઝારખંડ અને ઓડિશા પોલીસ સંપૂર્ણ એલર્ટ પર છે. તમને જણાવી દઈએ કે, નક્સલવાદ ભારતના અનેક રાજ્યોમાં એક ગંભીર પડકાર બની ગયો છે. જેમાં ખાસ કરીને છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા અને મહારાષ્ટ્રના કેટલાક હિસ્સા સામેલ છે. તાજેતરના વર્ષોમાં સુરક્ષા દળોએ નક્સલીઓ



વિરુદ્ધ ઘણા સફળ ઓપરેશન ચલાવ્યા છે, જેમાં કેટલાક મોટા નક્સલી કમાંડરોને ઠાર કરી દેવામાં આવ્યા છે અને કેટલાકે આત્મસમર્પણ કરી લીધું છે. તાજેતરમાં ૨૧ મે ૨૦૨૫ના રોજ છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં થયેલા એક મોટા એન્કાઉન્ટરમાં નક્સલી સંગઠન ભાકપા (માઓવાદી)ના મહાસચિવ નંબાલા કેશવ રાવ ઉર્ફે બસવરાજને ઠાર કરી દેવામાં આવ્યો હતો, જેના પર કુલ ૧૦ કરોડ રૂપિયાનું ઈનામ હતું. જોકે, માડવી હિડમા જેવા અન્ય ઘણા ખૂંખાર નક્સલીઓ હજુ પણ ફરાર છે અને સુરક્ષા દળો માટે એક મોટો પડકાર છે. છત્તીસગઢમાં ૨૦૨૫માં નક્સલીઓ સામે ઘણા મોટા ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. ૨૧ મે ૨૦૨૫ના રોજ નારાયણપુરમાં થયેલા એન્કાઉન્ટરમાં ૨૭ નક્સલીઓ માર્યા ગયા હતા, જેમાં બસવરાજ જેવા મોટા નામ સામેલ હતા. બીજાપુર અને કાંકેરમાં ૧૧૩ નક્સલીઓ માર્યા ગયા હતા, ૧૦૪ની ધરપકડ કરવામાં આવી હતી અને ૧૬૪એ આત્મસમર્પણ કરી લીધુ હતું. ઝારખંડમાં ૨૦૨૧થી ૨૦૨૫ સુધી ૧૪૯૦ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી હતી. સારંડાના જંગલોમાં નક્સલીઓ વિરુદ્ધ સ્પેશિયલ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, જેનો લક્ષ્ય ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો સંપૂર્ણ ખાતમો છે. માડવી હિડમા નક્સલીઓનો પ્રમુખ કમાન્ડર છે જેના પર ૪૫ લાખ રૂપિયાથી ૧ કરોડ રૂપિયા સુધીનું ઈનામ છે.

### કન્નડ ભાષા તમિલમાંથી જ નીકળી

# દિગ્ગજ અભિનેતા કમલ હાસનની ટિપ્પણીથી ભાષા વિવાદ ઘેરાયો

### ચેન્નઈમાં પોતાની નવી ફિલ્મ ઠગ લાઈફના ઓડિયો લોન્ચ પ્રસંગે બોલતા કહ્યું કે, કન્નડ ભાષા તમિલમાંથી નીકળી છે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૮ ।

દિગ્ગજ અભિનેતા અને રાજનેતા કમલ હાસન કન્નડ ભાષા પરની પોતાની ટિપ્પણીઓને કારણે વિવાદમાં સપડાઈ ગયા છે. ચેન્નઈમાં પોતાની નવી ફિલ્મ ઠગ લાઈફના ઓડિયો લોન્ચ પ્રસંગે બોલતા હાસને કહ્યું કે, કન્નડ ભાષા તમિલમાંથી નીકળી છે. તેમની આ ટિપ્પણી બાદ કર્ણાટક ભાજપના પ્રમુખ બી.વાય. વિજયેન્દ્રએ અભિનેતા પર પોતાની માતૃભાષાનો મહિમામંડન કરવાના પ્રયાસમાં કન્નડ ભાષાનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના નેતાએ એવી પણ માંગ કરી કે, અભિનેતા કન્નડ લોકો પાસે તાત્કાલિક અને બિનશરતી માફી માંગે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વાતચીત કરતા વિજયેન્દ્રએ કહ્યું કે, કલાકારોમાં દરેક ભાષાનું સન્માન કરવાની



સંસ્કૃતિ હોવી જોઈએ. આ અહંકારની પરાકાષ્ઠા છે કે, ન્નડ સહિત ઘણી ભારતીય ભાષાઓમાં અભિનય કરનારા અભિનેતા @ ikamalhaasanએ કન્નડ ભાષાનું અપમાન કર્યું છે. તેમણે કહ્યું કે કન્નડ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા ભાગોમાં સદીઓથી એક પ્રમુખ ભાષા રહી છે. કર્ણાટક ભાજપ અધ્યક્ષે લખ્યું કે, દક્ષિણ ભારતમાં સદ્ભાવ લાવવાની વાત કરનારા કમલ હાસન છેલ્લા કેટલાક વર્ષોથી સતત હિન્દુ ધર્મનું અપમાન કરી રહ્યા છે અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી રહ્યા છે. હવે તેમણે ૬.૫ કરોડ કન્નડ ભાષી લોકોના આત્મસન્માનને ઠેસ પહોંચાડીને કન્નડ ભાષાનું અપમાન કર્યું છે. કમલ હાસને તાત્કાલિક કન્નડ લોકોની બિનશરતી માફી માંગવી જોઈએ. વિજયેન્દ્રએ એમ પણ કહ્યું કે, કમલ હાસન કઈ ઈતિહાસકાર નથી કે તેઓ અધિકારપૂર્વક કહી શકે કે કઈ ભાષાએ કોને જન્મ આપ્યો છે. અઢી હજાર વર્ષો જૂનો ઈતિહાસ ધરાવતી કન્નડ ભાષા ભારતના સાંસ્કૃતિક નકશા પર સમૃદ્ધિ અને સૌહાર્દનું પ્રતીક રહી છે. આપણે કમલ હાસનને યાદ અપાવવું જોઈએ કે કન્નડ લોકો કોઈપણ ભાષાને નફરત નથી કરતા, પરંતુ તેઓ પોતાની જમીન, ભાષા, જનતા, પાણી અને વિચારોના મામલામાં ક્યારેય પોતાના સ્વાભિમાન સાથે સમાધાન નથી કરતા નથી

### NIA એ કર્યો મોટો ખુલાસો

## પાકિસ્તાનના હાથે 3 હજારમાં વેચાઈ ગયો હતો CRPF જવાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

NIA (રાષ્ટ્રીય તપાસ એજન્સી) એ CRPF જવાનની ધરપકડ કરી હતી. હવે આ કેસમાં મોટો ખુલાસો થયો છે. CRPF જવાને પોતાના નિવેદનમાં કહ્યું છે કે, તે ભૂલથી ફસાઈ ગયો હતો અને તેમાંથી બહાર આવી શક્યો ન હતો. આરોપ છે કે, CRPF જવાન મોતી રામ જાટે ભારતની સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને મોકલી હતી. આ માટે મોતી રામને પૈસા ચૂકવવામાં આવ્યા હતા. જાસૂસીના આરોપી જવાનને CRPF દ્વારા બરતરફ કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, NIA અધિકારીઓએ CRPF જવાનની પૂછપરછ કરી છે. મોતી રામની પૂછપરછ પર એક અધિકારીએ જણાવ્યું હતું કે, "તેના ફોનમાંથી પાકિસ્તાની હેન્ડલર્સની ચેટ મળી આવી છે. તેણે ચેટ ડિલીટ કરી નથી. NIA હવે તપાસ કરશે કે, તેણે કંઈ ડિલીટ કર્યું છે કે, નહીં. તેને પોતાની ભૂલનો અહેસાસ થયો છે અને તે પસ્તાવો પણ કરી રહ્યો છે. તેણે કહ્યું કે, તે પાકિસ્તાની હેન્ડલરોની જાળમાં ફસાઈ ગયો હતો અને બહાર નીકળી શક્યો નહીં." રિપોર્ટ મુજબ, મોતી રામ ૨૦૨૩ થી પાકિસ્તાનને સંવેદનશીલ માહિતી મોકલી રહ્યો હતો. તેને પાકિસ્તાની ગુપ્તચર પાસેથી પણ ભંડોળ મળ્યું છે. મોતી રામના ફોન તેમજ બેંક ખાતામાંથી ચેટમાંથી એક મહત્વપૂર્ણ સંકેત મળ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દર મહિને તેના ખાતામાં ૩૦૦૦ રૂપિયા આવતા હતા અને આ રકમ વિદેશી ખાતા દ્વારા ટ્રાન્સફર કરવામાં આવતી હતી. આ કારણે શંકા વધુ ઘેરી બની હતી. આરોપી CRPF જવાન સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની એજન્ટ સાથે વાત કરતો હતો.

### સુપ્રીમ કોર્ટે માનવ અધિકાર પંચને સોંપી તપાસ

## આસામ પોલીસ પર ૧૭૧ ફેક એન્કાઉન્ટરનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટે આસામમાં મે ૨૦૨૧થી ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન થયેલી ૧૭૧ પોલીસ એન્કાઉન્ટર્સ અંગે ચિંતા વ્યક્ત કરીને આ મુદ્દો 'ખૂબ ગંભીર' ગણાવ્યો. કોર્ટે જણાવ્યું કે પોલીસ એન્કાઉન્ટરને પડકારતી અરજીઓ ફગાવી ના શકાય. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંઘની બે જજની બેન્ચે આસામ સરકાર પાસેથી આ એન્કાઉન્ટરની વિગતવાર માહિતી માંગી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે, 'આ ખૂબ જ, ખૂબ જ ગંભીર મુદ્દો છે. ૧૭૧ ઘટના ચિંતાજનક છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ફેક પોલીસ એન્કાઉન્ટરના દાવાની તપાસ કરવાનો આસામ માનવ અધિકાર પંચને નિર્દેશ કર્યો હતો. આ બેન્ચ અરજદાર આરિફ એમડી યેસીન જવાદર દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરી રહી હતી, જેમનું પ્રતિનિધિત્વ એડવોકેટ પ્રશાંત ભૂષણે કર્યું હતું. જાન્યુઆરી



૨૦૨૩માં ગુવાહાટી હાઈકોર્ટે આસામ પોલીસ દ્વારા કરાયેલા એન્કાઉન્ટરને લગતી જનહિત અરજી ફગાવી દીધી હતી. આ કારણસર તેમણે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. આ સુનાવણીમાં ભૂષણે દલીલ કરી કે આસામ પોલીસે સુપ્રીમ કોર્ટના ૨૦૧૪ના ચુકાદામાં આપેલી માર્ગદર્શિકાઓનું પાલન કર્યું નથી. આસામમાં ચોક્કસ સમયગાળામાં આવા અનેક એન્કાઉન્ટર થયા હતા. ગુવાહાટી હાઈકોર્ટે ઉપરોક્ત અરજી ફગાવતી વખતે આપેલા આદેશમાં આસામ સરકાર દ્વારા રજૂ કરાયેલી એફિડેવિટનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં જણાવાયું હતું કે મે ૨૦૨૧થી ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન ૧૭૧ એન્કાઉન્ટર થયા હતા, જેમાં ૫૬ લોકો મૃત્યુ પામ્યા હતા. એ પૈકી ચાર લોકો પોલીસ કસ્ટડીમાં હતા અને ૧૪૫ લોકોને ઈજા થઈ હતી. આસામ સરકારના વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે હાઈકોર્ટ આ અરજી 'પ્રિમેચ્યોર' ગણીને ફગાવી ચૂકી છે. જો કે, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, 'આવી અરજીઓને પ્રિમેચ્યોર ગણીને ફગાવી ના શકાય.' આ દરમિયાન પ્રશાંત ભૂષણે દલીલ કરી કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) અને આસામ માનવ અધિકાર આયોગ બંને પોતાની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે. અને આ કેસોમાં કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન થયું નથી. સુપ્રીમ કોર્ટે પણ માનવાધિકાર પંચની ભૂમિકાને સંબોધીને ટિપ્પણી કરી કે, 'નાગરિક સ્વતંત્રતાના મુદ્દામાં સુપ્રીમ કોર્ટ અપેક્ષા રાખે છે કે તમે પોતે જ જવાબદારીપૂર્વક વર્તીને આગળ વધો.' આ દરમિયાન સુપ્રીમ કોર્ટે તપાસ અંગે રાજ્ય માનવાધિકાર આયોગને આદેશ આપ્યો.

## દેશમાં કોરોનાથી ૧૨ના મોત, ૧૦૮૩ એક્ટિવ કેસ

### ઉત્તર પ્રદેશમાં પણ કોરોનાએ ધીમે ધીમે પગપેસારો કરતા એક્ટિવ કેસ ૩૦ પર પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતમાં જીવલેણ વાયરસ કોરોના ફરી ઉથલો મારવા લાગ્યો છે, દેશના ૨૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોનાના નવા કેસો સામે આવ્યા છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા આ વર્ષે પ્રથમ વખત એક હજારને પાર પહોંચી ગઈ છે. સૌથી વધુ કોરના કેસો કેરળ અને મહારાષ્ટ્રમાં નોંધાઈ રહ્યા છે, જ્યારે કોરોના વાયરસથી સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં થઈ છે. દેશના આ વર્ષે નોંધાયેલા કુલ કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૦૮૩ પર પહોંચી ગયો છે. સૌથી વધુ એક્ટિવ કેસ કેરળમાં ૪૩૦, મહારાષ્ટ્રમાં ૨૦૮ કેસ, દિલ્હીમાં ૧૦૪ કેસ અને ગુજરાતમાં ૮૩ કેસ છે. કર્ણાટકમાં ૮૦માંથી ૭૩ કેસ બેંગલુરુમાં છે. ઉત્તર પ્રદેશમાં પણ કોરોનાએ ધીમે ધીમે પગપેસારો કરતા એક્ટિવ કેસ ૩૦ પર પહોંચી ગયા છે. કેરળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળમાં કુલ ૧૨ દર્દીઓના મોત થયા છે. આમાંથી નવ દર્દીઓ એક અઠવાડિયામાં મૃત્યુ પામ્યા છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી સૌથી વધુ પાંચના મોત થયા છે, જ્યારે કેરળમાં બે, રાજસ્થાનમાં બે, મધ્યપ્રદેશ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં એક-એકનું મોત થયું હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં કોરોનાથી ૭૮ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. બિહારમાં પણ કોરોના વાયરસના નવા વેરિયન્ટનો ધીમે ધીમે પગપેસારો થઈ રહ્યો છે. રાજ્યની રાજધાની પટણામાં છેલ્લા ૨૪ કલાકમાં છ લોકો પોઝિટિવ થયા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. આમાંથી એક મહિલા ડૉક્ટર અને બે નર્સનો પણ સમાવેશ થાય છે. આ તમામમાં શરદી-ઉધરસ અને તાવ જેવા લક્ષણો હતા. ત્રણ પોઝિટિવ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યારે ત્રણને ઘરમાં જ આઈસોલેશનમાં રખાયા છે.

### હાઇકોર્ટનો નિર્ણય । પતિએ ફેમેલી કોર્ટમાં તે સાબિત કરી દીધું કે તેની પત્નીનો દિયર સાથે શારીરિક સંબંધ હતા અને આ બધુ તેના ઘરમાં થઈ રહ્યું હતું

# લગ્ન પછી જો પત્નીને બીજા કોઈ સાથે અફેર હોય તો છૂટાછેડા પછી ભરણપોષણ નહીં મળે

। (એજન્સી) રાયપુર, તા.૨૮ ।

છત્તીસગઢ હાઈકોર્ટે ૯ મે ૨૦૨૫ ના રોજ એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. એવું કહેવામાં આવ્યું હતું કે જો કોઈ મહિલા લગ્ન પછી બીજા કોઈ સાથે શારીરિક સંબંધ બાંધે છે અને તેના આધારે તેના છૂટાછેડા થઈ જાય છે, તો તે મહિલા તેના પતિ પાસેથી ભરણ પોષણ માંગી શકતી નથી. તેનો ભરણપોષણનો અધિકાર સમાપ્ત થઈ જશે. એક રિપોર્ટ પ્રમાણે એક પતિએ ફેમેલી કોર્ટમાં તે સાબિત કરી દીધું કે તેની પત્નીનો તેના દિયર (પતિના નાના ભાઈ) સાથે શારીરિક સંબંધ હતા અને આ બધુ તેના ઘરમાં થઈ રહ્યું હતું. જ્યારે



પતિએ તેને રંગેહાથ પકડ્યા તો પત્નીએ તેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી. ત્યારબાદ બંનેના છૂટાછેડા થયા અને હવે પતિ કેસ જીતી ગયો છે. બંનેના લગ્ન ૧૧ જુલાઈ ૨૦૧૯ના હિંદુ રીતિ-રિવાજથી થયા હતા. ૧ માર્ચ ૨૦૨૧ના પત્ની પોતાના પિયરમાં જતી રહી અને ત્યાં રહેવા લાગી. ૨ માર્ચ ૨૦૨૧ના પતિએ હિંદુ લગ્ન અધિનિયમ હેઠળ છૂટાછેડાની અરજી કરી. ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ ના પરિવાર કોર્ટમાં અડલ્ટ્રીના આધાર પર પતિએ પત્નીને છૂટાછેડા આપી દીધા. પછી પત્નીએ હાઈકોર્ટમાં અપીલ કરી અને પોતાના પતિ પાસે ભથ્થાની માંગ કરી અને કહ્યું કે તેનો પતિ તેને પૈસા આપતો નથી. રિપોર્ટ પ્રમાણે લગ્નના થોડા મહિના બાદ પત્નીનો વ્યવહાર બદલાય ગયો હતો. તે નાની-નાની વાતો પર ઝગડો કરતી હતી. તેને પતિના નાના ભાઈ સાથે ગેરકાયદેસર સંબંધ હતા અને જ્યારે પતિએ તેને આ વિશે કહ્યું તો તે લડાઈ કરવા લાગી હતી. તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. તે પોતાની મરજીથી ઘર છોડી જતી રહી અને તેની પાસે કોઈ મજબૂત કારણ નહોતું. સૌથી મહત્વનું છે કે કોર્ટમાં તે સાબિત થઈ ગયું કે તેના પતિના ભાઈની સાથે સંબંધ હતો અને આ આધાર પર ફેમેલી કોર્ટે છૂટાછેડાનો ચુકાદો આપ્યો હતો. રિપોર્ટ પ્રમાણે અડલ્ટ્રી કરવી અને ક્યારેક ખોટા સંબંધ બનાવવામાં તફાવત છે. પત્નીએ અડલ્ટ્રીમાં રહેતા ભરણપોષણની માંગ કરી હતી તો તેનો ઈનકાર ન કરી શકાય. એક્સ્ટ્રા મેટિરલ અફેરનો આરોપ હતો જે કોર્ટમાં સાબિત થયો, પરંતુ તેનો મતલબ તે નથી કે પત્ની ભરણપોષણ ન માંગી શકે. જ્યારે સાક્ષી પતિના બધા સંબંધીઓ છે તેથી કોર્ટે આ મામલાને ફરી જોવો જોઈએ. રિપોર્ટ પ્રમાણે કોર્ટે કહ્યું કે CrPC ની કલમ ૧૨૫(૪) કહે છે કે જો કોઈ મહિલા લગ્ન દરમિયાન કોઈ અન્ય સાથે સંબંધ બનાવે છે (અડલ્ટ્રી) તો તે પોતાના પતિ પાસે ભરણપોષણ માગવાની હકદાર નથી. જો તેને છૂટાછેડા પણ તે કારણે મળ્યા, તો આ કાયદો હજુ પણ લાગૂ રહેશે. છૂટાછેડા મળ્યા બાદ તે ભરણપોષણ માગવાની હકડાર ન બની શકે. એટલે જો કોઈ અન્ય સાથે સંબંધ હોવાને કારણે છૂટાછેડા મળ્યા છે તો પછી મહિલા પોતાના પૂર્વ પતિ પાસે ભરણ પોષણની માંગ ન કરી શકે. તેથી કોર્ટે પત્નીની અપીલને નકારી દીધી અને પતિની અપીલને મંજૂર કરી છે.

# તંત્રી લેખ...

## ખેડૂતોને વ્યાજદર પર 3 ટકા સબસિડી મળશે

કેન્દ્ર સરકારે ખેડૂતોને ભેટ આપતાં મહત્ત્વના ત્રણ નિર્ણયો લીધા છે. જેમાં ખરીફ પાકના ટેકાના ભાવોમાં વૃદ્ધિની સાથે લોનના વ્યાજદરમાં સબસિડીની રાહતો આપી છે. મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટની બેઠકમાં પાંચ મહત્ત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ત્રણ મહત્ત્વના નિર્ણયો ખેડૂતો માટે લેવામાં આવ્યા છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આર્થિક બાબતોની મંત્રી મંડળની સમિતિએ માર્કેટિંગ વર્ષ ૨૦૨૫-૨૬ માટે દ્રઝઝ (કિસાન ક્રેડિટ કાર્ડ) લોન સસ્તા દરે ઉપલબ્ધ કરાવવા સબસિડી ચાલુ રાખવા મંજૂરી આપી છે. જેમાં ખેડૂતોને વ્યાજદર પર ૩ ટકા સબસિડી મળશે. તેમજ સમયસર લોનની ચૂકવણી પર પ્રોત્સાહન રૂપે વધારાની સબસિડી પણ આપવાનો નિર્ણય લીધો છે. આ સિવાય ૧૪ ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારો કરવા મંજૂરી આપી છે. જેથી ખેડૂતોને તેમના પાકના લાભકારી મૂલ્યો મળી શકે. ગતવર્ષની તુલનાએ ટેકાના ભાવમાં સૌથી વધુ વૃદ્ધિ નાઈઝરસીડ (રૂ. ૮૨૦ પ્રતિ ક્વિન્ટલ)માં થઈ છે. રાગી (રૂ. ૫૯૬ પ્રતિ ક્વિન્ટલ), કપાસ (રૂ. ૫૮૯ પ્રતિ ક્વિન્ટલ) અને તલ (રૂ. ૫૭૯ પ્રતિ ક્વિન્ટલ) નિર્ધારિત કરવામાં આવ્યા છે. મંત્રીએ જણાવ્યુ કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સંશોધિત વ્યાજ અનુદાન યોજના અંતર્ગત વ્યાજ અનુદાન ઘટક જારી રાખવા મંજૂરી આપવામાં આવી છે. તથા આવશ્યક ક્રેડિટ વ્યવસ્થાને મંજૂરી આપવામાં આવી છે. ર્સ્રૈકૈૌદ્ધ હીીજિં જીેહ્વદ્દીર્હેહ જીષ્ઠરીદ્ધી એ કેન્દ્રીય સ્તરની યોજના છે. જેનો ઉદ્દેશ કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ખેડૂતોને વાજબી દરે ઈમરજન્સી લોનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાવવાનો છે. આ યોજના હેઠળ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ૭ ટકાના વ્યાજદરે રૂ. ૩ લાખ સુધીની ઈમરજન્સી લોન પ્રાપ્ત થઈ છે. જેમાં લોન આપનારી સંસ્થાઓ વ્યાજ પર ૧.૫ ટકા સબસિડી આપે છે. તેમજ લોનની સમયસર ચૂકવણી કરનારા ખેડૂતો પીઆરઆઈ હેઠળ ૩ ટકા પ્રોત્સાહન પણ મેળવી શકે છે. જેથી કેસીસી (કિસાન ક્રેડિટ કાર્ડ) લોનના વ્યાજદર ઘટી ૪ ટકા થશે. દેશમાં ૭.૭૫ કરોડથી વધુ કેસીસી ખાતા છે. આ સહાયતા જારી રાખવા કૃષિ માટે સંસ્થાગત લોનનો પ્રવાહ જાળવી રાખવા મહત્ત્વપૂર્ણ છે

## પ્રધાનમંત્રી ૨૯ અને ૩૦ મેના રોજ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૯ અને ૩૦ મેના રોજ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે. ૨૯ મેના રોજ, પ્રધાનમંત્રી સિક્કિમની મુલાકાત લેશે જ્યાં તેઓ સવારે ૧૧ કલાકે **"Sikkim@50: Where Progress me^a^s purpose and nature nurtures growth"** કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે અને આ પ્રસંગે સભાને સંબોધિત કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે જ્યાં તેઓ બપોરે ૨.૧૫ વાગ્યે અલીપુરદુઆર અને કૂચબિહાર જિલ્લામાં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. વધુમાં, પ્રધાનમંત્રી બિહારની મુલાકાત લેશે અને સાંજે ૫.૪૫ વાગ્યે પટના એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. ૩૦ મેના રોજ, સવારે ૧૧ કલાકે, તેઓ બિહારના કરકટમાં ૪૮,૫૨૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે જ્યાં તેઓ બપોરે ૨:૪૫ વાગ્યે કાનપુર નગર ખાતે લગભગ ૨૦,૯૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી સિક્કિમમાં, રાજ્યના ૫૦ ગૌરવશાળી વર્ષોની ઉજવણીમાં, પ્રધાનમંત્રી 'સિક્કિમજ૫૦: જ્યાં પ્રગતિ હેતુને પૂર્ણ કરે છે અને પ્રકૃતિ વિકાસને પોષણ આપે છે' કાર્યક્રમમાં ભાગ લેશે. સિક્કિમ સરકારે ''સુનૌલો, સમૃદ્ધ અને સમર્થ સિક્કિમ'' થીમ હેઠળ એક વર્ષ લાંબી પ્રવૃત્તિઓની શ્રેણીનું આયોજન કર્યું છે, જે સિક્કિમની સાંસ્કૃતિક સમૃદ્ધિ, પરંપરા, કુદરતી વૈભવ અને તેના ઈતિહાસના સારને ઉજવે છે. પ્રધાનમંત્રી સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે. પ્રોજેક્ટ્સમાં નામચી જિલ્લામાં ૭૫૦ કરોડ રૂપિયાથી વધુની નવી ૫૦૦ પથારીવાળી જિલ્લા હોસ્પિટલ, સાંગાચોલિંગ ખાતે પેસેન્જર રોપવે, ગ્યાલશિંગ જિલ્લામાં પેલિંગ, ગંગટોક જિલ્લાના સાંગખોલા ખાતે અટલ અમૃત ઉદ્યાનમાં ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીની પ્રતિમા વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી રાજ્યના ૫૦ વર્ષ પૂર્ણ થવાના સ્મારક સિક્કો, સ્મૃતિચિહ્ન સિક્કો અને સ્ટેમ્પ પણ બહાર પાડશે. પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં ભારતમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન **(CGD)** નેટવર્કના વિસ્તરણ તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને કૂચ બિહાર જિલ્લામાં **CGD** પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. રૂ. ૧૦૧૦ કરોડથી વધુના આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ૨.૫ લાખથી વધુ ઘરો, ૧૦૦ થી વધુ વ્યાપારી સંસ્થાઓ અને ઉદ્યોગોને પાઈપ્ડ નેચરલ ગેસ **(PNG)** પૂરો પાડવાનો છે, ઉપરાંત સરકાર દ્વારા નિર્ધારિત લઘુત્તમ કાર્ય કાર્યક્રમ **(MWP)** લક્ષ્યોને અનુરૂપ લગભગ ૧૯ ઝદ્ગય્ સ્ટેશનો સ્થાપિત કરીને વાહનોના ટ્રાફિકને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ **(CNG)** પૂરો પાડવાનો છે. તે અનુકૂળ, વિશ્વસનીય, પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક ઈંધણ પુરવઠો પૂરો પાડશે અને પ્રદેશમાં રોજગારીની તકોનું સર્જન કરશે. બિહારમાં પ્રધાનમંત્રી ૨૯ એપ્રિલના રોજ, પ્રધાનમંત્રી પટના એરપોર્ટના નવનિર્મિત પેસેન્જર ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલું આ નવું ટર્મિનલ દર વર્ષે ૧ કરોડ મુસાફરોને સેવા આપી શકે છે. તેઓ ૧૪૧૦ કરોડ રૂપિયાથી વધુના બિહતા એરપોર્ટના નવા સિવિલ એન્ક્લેવનો શિલાન્યાસ પણ કરશે. બિહતા એરપોર્ટ પટના નજીક ઝડપથી શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઉભરી રહેલા શહેરની સેવા કરશે, જેમાં **IIT** પટના અને પ્રસ્તાવિત **NIT** પટના કેમ્પસનો સમાવેશ થાય છે. ૩૦ મેના રોજ, પ્રધાનમંત્રી કરકટમાં ૪૮,૫૨૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રદેશમાં વીજળીના માળખાને વેગ આપતા, પ્રધાનમંત્રી ૨૯,૯૩૦ કરોડ રૂપિયાથી વધુના ઔરંગાબાદ જિલ્લામાં નબીનગર સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ, સ્ટેજ-II (૩ ૮ ૮૦૦ મેગાવોટ) માટે શિલાન્યાસ કરશે.

**હકારાત્મકતા તરફ જીવનને લઈ જવાનું છે, એટલે જેટલી ઈચ્છા ઓછી એટલી શાંતિ વધુ! એટલો જીવનનો હકારાત્મક અભિગમ વધે**

# બાપજી પાપ મેં કવણ કીધાં હશે! નરસિંહ ક્યાં પાપની વાત કરે છે? શું એનાથી ઉગરી શકાય?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કૃષ્ણના રૂપ સ્વરૂપ અને નામના અનુસંધાનમાં રહેતા નરસિંહ ભગતની વાતથી કોણ અજાણ્યું છે, અને તેણે તો વેદના સારને પોતાના પદમાં રજુ કર્યો છે, જીવનમાં ભોગનું મહત્વ છે, પરંતુ વધું પડતા ભોગ વિલાસને કારણે, અને આહાર પ્રત્યે બેખબર થવાથી આપણે ઈશ્વર તત્વોથી દૂર થતા રહીએ છીએ, એ સત્યનો અહીં ઉદ્ઘોષ કર્યો છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આધુનિક સમાજ દેખાદેખીમાં અંધ છે એવું કહી શકાય, કારણ કે ''આમદની અઠ્ઠની અને ખર્ચા રુપૈયા!'' આમ તો જીવ સહજ સૌને સુખ સુવિધા જોઈતી હોય અને એટલે આપણે તેમની આ માનસિકતાનો અનાદર પણ કેમ કરવો? છતાં પછેડી પ્રમાણે સોડ તાણવી ! એ કહેવત યાદ રાખવી. પરંતુ ઈચ્છાનો જન્મ મન નામની ડાબલીમા એકવાર થાય ! અને પછી એ ઈચ્છા પૂરી ન થાય ત્યાં સુધી એ ધમપછાડા કરે ! ન પૂરી થાય તો નિરાશા! આમ આવી અકારણની નિરાશાનાં અંધકારમાં સમાજ ઘેરાતો જાય છે! પણ આપણે હકારાત્મકતા તરફ જીવનને લઈ જવાનું છે, એટલે જેટલી ઈચ્છા ઓછી એટલી શાંતિ વધુ! અને એટલો જીવનનો હકારાત્મક અભિગમ વધે. ઈચ્છા પૂરી થાય નહીં એટલે ફરિયાદ,અને પ્રશ્ન! અંતે એ બધું વધુને વધુ ગુંચવતા પ્રશ્નો ઊભા કરે છે. તેથી સરળ જીવન માટે પહેલા આપણે પણ સરળ બનવું રહ્યું. પરંતુ ઘણીવાર સંગતને કારણે આપણી મતિ ભ્રષ્ટ થાય છે, અને તેનાથી ચેતવું એ પણ બહુ જ જરૂરી છે. આજકાલ ગાંધીનાં ગુજરાતમાં પણ કેટકેટલાં ભ્રષ્ટાચાર, અનીતિ થઈ રહ્યા છે, તે ઉપરાંત યુવાની પણ નશાના માર્ગે આગળ વધી રહી છે, એ બધા જ વિષયો ચિંતિત છે. તો ક્યાં પાપને કારણે મન ભ્રષ્ટ થાય છે, એ વિશેનું નરસિંહનું એક ચિંતન આજે આપણે જોઈશું.

**નરસિંહ મહેતા**
**બાપજી પાપ મેં કવણ કીધાં હશે,**
**નામ લેતાં તારું નિંદ્રા આવે;**
**ઉંઘ આળસ આહાર મેં આદર્યાં,**
**લાભ વિના લવ કરવી ભાવે... બાપજી...**

કવિ કહે છે કે હે સ્વામી, એવા તો ક્યા પાપ કર્યા છે કે, તારું નામ લેતા જ મને મોહ નિંદ્રા આવે છે, અને ઉંઘ આળસ અને આહારમાં હું પડ્યો પાથર્યો રહું છું. લાભ વિના કોઈ વાત બોલતો પણ નથી. આ રીતે કહીને તેમ કહેવા માંગે છે, કે આહાર તેઓ ઓડકાર. એટલે કે આપણે સાત્વિક ખોરાક ન લઈએ તો ઉંઘ, આળસમાં પડ્યાં પાથર્યા રહીએ, અને હરિનું નામ લેવાની વેળા ચૂકી જઈએ, અને સ્વાર્થ સાધતી બોલી સિવાય આપણને બીજું કંઈ આવડે નહીં, કે સુઝે પણ નહીં. વહેવારોમાં જ રચ્યાપચ્યા રહેતા આપણે સંસારીઓ હરિનું નામ લેવાની તક આ રીતે જ ચૂકી જતા હોઈએ છીએ.

**દિન પૂઠે દિન તો વહી જાય છે,**
**દુર્મતિનાં મેં ભર્યા રે ડાળાં;**
**ભક્તિ ભૂતળ વિશે નવ કરી તાહરી,**
**ખાંડ્યાં સંસારનાં થોથાં ઠાલાં... બાપજી...**

દિન પછી એક દિન વીતતાં જાય છે, અને મારી મતિ મને ઈચ્છા પૂરી કરવા અવળા કામ જ કરાવે છે. અહીં પૃથ્વી પર જન્મ લીધો હોવા છતાં, પણ તારી ભક્તિ વિશે મને કદી વિચાર આવતો નથી, અને ખાલી ઘર ગૃહસ્થીના સંસારમાં પડ્યો રહું છું. એટલે કે બાલ્યાવસ્થાથી શરૂ કરીને, આ અવસ્થા સુધી પહોંચ્યો પણ મારી મતિ સુધરી નહીં, અને મને તારું સ્મરણ કરવાનું પણ સુઝ્યું નહીં, તેમજ આ ધરા પર માનવ અવતાર ધન્ય હોવા છતાં, પણ ભક્તિ કરવાનું કોઈ કારણ પણ મેં શોધ્યું નહીં, અને એકલા મારા ભોગવિલાસના સંસારમાં જ પ્રપંચ કરતો રહ્યો.આજે જ્યારે અવસ્થા આવી ગઈ છે, એટલે કે ઈન્દ્રિય શિથિલ થઈ ગઈ છે, ત્યારે મને આ બધું જ્ઞાન થાય છે.

**દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં,**
**ભીડ-ભંજન તારું નામ સાચું;**
**ફરી ફરી વર્ણવું, શ્રી હરિ તુજને**
**પતિત-પાવન તારું નામ સાચું.... બાપજી...**

શરીર તો માટીનું છે એટલે કે ખોટું છે, ભીડ પડે ત્યારે ઉગારનારુ તો ફક્ત એક તારું નામ છે, ફરી ફરી મને આજે એ સત્ય સમજાયું છે, કે અંતે તારા નામ સ્મરણનો આશરો એ જ મારા જીવનનું સૌથી મોટું સત્ય કર્મ છે. પતિતો ને પાવન કરનારું માત્ર ને માત્ર એક તારું નામ છે. જે દેહની આળ પંપાળવામાં આટલાં વર્ષો મેં કાઢી નાખ્યા, એ દેહ તો અંતે માટીનું હોવાથી માટીમાં જ મળી જવાનું છે, અને એ સત્ય મને આજે હવે સમજાઈ રહ્યું છે, કે હે પરમાત્મા આ સંસારમાં ફક્ત એક તારું નામ જ પતિતને પાવન કરવા માટે પૂરતું છે.તેમજ જ્યારે જ્યારે સંસારીઓને ભીડ પડે છે, ત્યારે તારા નામના પોકારથી જ તેની સઘળી સમસ્યાઓ સમાપ્ત થતી હોય છે. છતાં એ તક લગભગ બધા જ સંસારીઓ ગુમાવતા હોય છે, એટલે કે એ સત્ય જાણવા છતાં પણ તેનું અનુસરણ આપણે કરતા નથી.

**તારી કરુણા વિના કૃષ્ણ કોડામણા**
**કળ-અકળનું બળ ન ફાવે;**
**નરસૈંયા રંકને ઝંખના તાહરી,**
**હેડ બેડી ભાગ્યો શરણ આવે... બાપજી...**

હે કૃષ્ણ કામણગારા તારી કરુણા વિના આ દુનિયામાં કંઈ જ થતું નથી, અને જે રૂપે તું દેખાઈ રહ્યો છે, અને જે સ્વરૂપે તું નથી દેખાતો, એ વિશેની માહિતી પણ તારી કરુણા વિના મળતી નથી. પોતાની જાતને સંબોધીને કહે છે, કે નરસૈંયો તો બિચારો રાંક ભગત છે, તેને આવી બધી ક્યાંથી સુઝ હોય, એટલે એ તો આ સંસારની બેડી તોડીને તારે શરણે આવી ગયો છે. કૃષ્ણ કામણગારો છે, તેની કરુણા વગર અહી કંઈ જ કળી શકાતું નથી, અને જો તેની કરુણા થાય તો જ આપણે આ પ્રકૃતિના ગાઢ રહસ્યોને જાણી શકીએ, એટલે કે જે દેખાય છે તે, અને જે નથી દેખાતું છતાં મહત્વનું છે, એ બધી જ કળ અને અકળ વાણીના રહસ્ય આપણને સમજાય છે.એટલે કૃષ્ણની શરણાગતિ સ્વીકારી અને સંસારના તમામ બંધનો તોડીને તેને શરણે જવું એવું કહે છે. કૃષ્ણના રૂપ સ્વરૂપ અને નામના અનુસંધાનમાં રહેતા નરસિંહ ભગતની વાતથી કોણ અજાણ્યું છે, અને તેણે તો વેદના સારને પોતાના પદમાં રજુ કર્યો છે. જીવનમાં ભોગનું મહત્વ છે. પરંતુ વધું પડતા ભોગ વિલાસને કારણે, અને આહાર પ્રત્યે બેખબર થવાથી આપણે ઈશ્વર તત્વોથી દૂર થતા રહીએ છીએ, એ સત્યનો અહીં ઉદ્ઘોષ કર્યો છે. એકની પાછળ એક આવે, એમ તમામ દુર્ગુણો આમાંથી જ આવે છે. જરાક સરખી આપણી બેદરકારી આપણને મોહનિંદ્રા તરફ ધકેલે છે, અને પછી આપણે કહેવું પડે કે બાપજી એવા તો મેં કયા પાપ કર્યા, કારણકે અંધારી ખાઈમાં પછી ક્યાંય પ્રકાશ નથી. માટે સમયસર ચેતી જઈએ, એટલે આહાર ,વિહાર પ્રત્યે જાગૃતિ આવે, ન ખાવું!! કે આ જ ખાવું!!એવી કોઈ વાત અહીં નથી.કારણ કે ત્યારે વૈશ્રવો એટલે કે મહાવ્રતી અમુક પ્રકારના જ ખોરાક ખાતા, એટલે એ વિશે તો એ બિચારેને ક્યાંથી કલ્પના આવે. પરંતુ માત્રા અને મર્યાદા એ પણ એક બહુ મોટું પરિબળ છે, કે જેનાથી તમે તમારી જાતને સંતુલિત રાખી શકો ખરા, અને બુદ્ધિને તાપણે તપાવીને દરેક વિચારને પ્રાધાન્ય આપો, કે સારું ખોટું શું છે? તેનું નિદાન થાય, પછી તેમાં માત્રાનું મીઠું ઉમેરવામાં આવે તો પછી એ બહુ નુકશાનકારક સાબિત નથી થતું. આજની આપણી માનસિકતા માટે આ બહુ જ જરૂરી છે, અને બહુ ગુઢ સત્યને ઉજાગર કરતું આ પદ આપણા જીવનમાં કંઈક કામ લાગશે, તો આપણે પણ ઈશ્વર અનુસંધાન કેળવી શકીશું, અને ઈશ્વર અનુસંધાન થશે, તો જ જીવન હકારાત્મક થશે, અને હકારાત્મક થશે તો જ આવતીકાલ ઉજ્જવળ હશે, એ વાત પાકી છે. માટે સૌ કોઈ જીવનને જરાક તપાવીને તપાસે, અને જ્યાં ફેરફારની જરૂર લાગે તે પ્રમાણે તે ફેરફાર કરીને, જીવનને ગુણોથી સમૃદ્ધ બનાવીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રીકૃષ્ણ કેટલીક વાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે, સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે**

# કર્મનું ભાથું ભરીને ફરતો માણસ એ ભૂલી જાય છે, જેવું કરશો તેવું ભરશો એ કહેવત નહીં, પણ વિધીનું વિધાન છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સર્વમાં સમભાવ રાખવોએ ઉત્તમોત્તમ ધર્મ છે, સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો, સદભાવ એટલે ઈશ્વરનો ભાવ, કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી, મહાભારતમાં જોઈએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીક વાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે, સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે, સર્વમાં સદભાવ રાખ, અધર્મ કરવામાં આવે તો તે અધર્મ પણ ધર્મ બને છે.**

પહેલગામમાં પર્યટકો પર આતંક વાદીઓના ૨૨મી એપ્રિલના હુમલા બાદ પાક.માં રહેલા આતંકવાદીના અડ્ડા માત્ર ૨૨ મિનિટમાં જ જમીન દોસ્ત કર્યા.. પાકિસ્તાન ભારત સામે જીતી શકે નહીં માટે આતંવાદીઓ મોકલે છે.. સરદાર પટેલની વાત માની નહીં એટલે આતંવાદીનો સિલસિલો યથાવત. ગુજરાતની બે દિવસના જુદાજુદા વિસ્તારોની મુલાકાત આપણા લોકલાડીલા વડાપ્રધાને લઈ આ વાત કરી જેમાં લોકોએ ઑપરેશન સિંદૂરની સફળતાની ગાથા સાંભળી. કાળઝાળ ગરમી બફારો લોકોને ત્રાહિમામ પોકરાવી રહયો છે ત્યાં મુંબઈ દિલ્હીમાં મેઘરાજા મહેર બાન થઇ ગયા છે તેની અસર આપણી બાજુ થશે તેવી આશા સહ ખેડૂતો પશુપાલકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાવ શુદ્ધિએ મોટામાં મોટું તપ છે. માનવજીવન તપ માટે જ છે.જગતના કોઈપણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગરનું સત્કર્મ નકામું છે અને તેથી ઘણીવાર ધર્મ પણ અધર્મ બનેછે. સતકર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે.દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિનો ધર્મ પણ અધર્મ થયો. તેનો યશ તેને મારનારો થયો સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે.સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાય, માટે ભૂત માત્રના હિતમાં રત રહેવું અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ. એક બ્રાહ્મણ રસ્તામાં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે.આ મહાલક્ષ્મી છે.તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામ ભાવથી તે સ્ત્રીને જોશે. તેથી તે સ્ત્રી હૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે. તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારા માં ઈશ્વરની ભાવના રાખશે. સર્વ માં સમભાવ રાખવોએ ઉત્તમોત્તમ ધર્મ છે. મહાભારતનો કર્ણ પર્વ અને દ્રોણપર્વ આનાં દૃષ્ટાંતો છે. કર્ણપર્વમાં આપેલું છે કે, કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો. તે વખતે ભગવાને અર્જુનને કહ્યુંકે,તું આ કર્ણને માર. તે વખતે અર્જુન કહે છે યુદ્ધશાસ્ત્રનો નિયમ છે કે, શત્રુ જયારે નિઃશસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવો જોઈએ પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તે આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તે ધર્મનું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે. ભર સભામાં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું, ત્યારે તારું ધર્મનું જ્ઞાન કયાં ગયું હતું? તે જ પ્રમાણે દ્રોણ પર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચર ઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યુ કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી શ્રી કૃષ્ણે વિચાર્યું,જે દ્રોણાચાર્યને કહેવામાં આવેકે તમારા પુત્ર મરાયો છેતો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો.છતાં ખાતરી કરવા તે ધર્મ રાજાને પૂછે છે યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે, બોલો અશ્વત્થામા હણાયો. યુધિષ્ઠિર કહે છેકે, મારાથી અસત્ય કેમ કહેવાય.ત્યારે ભગવાન કહે છે,સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય માટે કહું છું, બોલો, અશ્વથામા હણાયો! ભગવાનના આગ્રહથી બોલવું પડયું કે, અશ્વત્થામા હણાયો પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર કાં હાથી! પણ છેલ્લા શબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યુજ્ઞપર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો. સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો.હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું. એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે. મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્રી અનસૂયાથી દત્તાત્રેય,દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે. તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા. દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિ ની બને,તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે. અત્રિ એટલે નત્રિ ત્રણ નથી તે અત્રિત્રણ એટલે સત્ત્વ, રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જે નિર્ગુણી બને તે અત્રિ, સત્ત્વ રજ તમ-આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મ સંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ. તર્જની આંગળી જીવભાવ-અભિમાન બતાવે છે. જીવમાં અભિમાન પ્રધાન છે. ટચલી આંગળી સત્ત્વ ગુણ છે. અંગૂઠોએ બ્રહ્મ છે. તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે. શરીરમાં તમો ગુણ છે. કરો. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે. સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પણ બંધન કરે છે. એમાં પણ થોડો અહં ભાવ રહી જાય છે. માટે છેવટે સત્ત્વ ગુણને સત્ત્વગુણથી મારવાનો સત્ત્વગુણનો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે. જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિ એ જ અસૂયા.બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એજ અસૂયા આન્સર, અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે.પરદોષનો વિચારએ શ્રીકૃષ્ણદર્શનમાં વિથુન કરે છે.બુદ્ધિમાં જ્યાં સુધી અસૂયા મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં. જેની બુદ્ધિ અનસૂયા- અસૂયા વિનાની બનેએ જ અત્રિ બને. પછી દત્તાત્રેય પધારે જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિ અસૂયા વિનાની નિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે.તેથી અસૂયા ઈર્ષ્યા કોઈ ની ન કરો. અનસૂયા મહાન પતિ વ્રતા છે.એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા.પાર્વતીજી નારદ જીને પ્રસાદ આપે છે. નારદજી કહે છે,લાડુ બહુ સંભબો પણ અનસૂયાનો લાડુ તમારા લાડુ કરે છે. પાર્વતીજી પૂછે છે,એ અનસૂદ છે?નારદજી કહે,અનસૂયા મહાન છે. પાર્વતીના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ મારાથી અનસૂયા વધે? શંકર સમાધિમાંથી જાગ્યા. પાર્વતી વંદન કરે છે. ઘરનું માણસ બહુ નમે, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતાર વાની તૈયારી છે. પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઈપણ પ્રકારે અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય તેવું કરો! આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યા ને લક્ષ્મીજી મળ્યા, કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કેઆપ એવું કાંઈક કરી કે જેથી અનુસૂયાના પતિવ્રતનો ભંગ થાય.પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય.દ્રવ્યમાં ઈર્ષ્યોઅસૂયા હેલી છે.બ્રહ્માણીએ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે. આભાર નિહારીકા રવિયા સાવિત્રીજીએ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી. શંકર-વિષ્ણુ-બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયા ના આશ્રમમાં આવે છે. કહે છે, તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે, જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિ વ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય. મને પાપ લાગે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત મોબાઈલ હાઈફાઈ યુગમાં હવે બધું ઔપચારિક્તા જેવું બની ગયું છે તહેવારો પ્રસંગો કે બીજીવિધિઓ બસ આજે અહીં અટકીએ અસ્તુ.

# અમેરિકન અભિનેત્રી જેનિફર લોપેઝનું બેકઅપ ડાન્સર્સ સાથે લિપલોક

## ટેડી સ્વિમ્સે ‘લોઝ કંટ્રોલ’ પરફોર્મ કર્યું ત્યારે અમેરિકન અભિનેત્રી - ગાયિકા જેનિફરે પહેલા પુરુષ બેકગ્રાઉન્ડ ડાન્સરને કિસ કરી



અમેરિકન અભિનેત્રી અને ગાયિકા જેનિફર લોપેઝ સમાચારમાં છે. તેણીએ ૨૦૨૫ ના અમેરિકન મ્યુઝિક એવોર્ડ્સમાં એક બોલ્ડ ઓપનિંગ એક્ટ સાથે સ્ટેજ પર આગ લગાવી દીધી અને ચાહકોને સંપૂર્ણપણે સ્તબ્ધ કરી દીધા. સોમવારે રાત્રે (૨૬ મે) લાસ વેગાસના ફોન્ટેનબ્લ્યુ ખાતે છ મિનિટના પર્ફોર્મન્સ દરમિયાન ૫૫ વર્ષીય પોપ આઈકોનએ સ્ત્રી અને પુરુષ બેકઅપ ડાન્સર સાથે લિપ લોક કર્યું. આ ક્ષણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે.જેનિફર લોપેઝે વર્ષના કેટલાક સૌથી હોટ ગીતો પર ડાન્સ કર્યો. તેઓએ કેન્ડ્રિક લેમરના ‘નોટ લાઈક અસ’, બેડ બનીના ‘ન્યુવેલ’, બિલી આઈલિશના ‘બર્ડ્સ ઓફ અ ફેધર’, ડુચીના ‘ડેનિયલ ઈઝ અ રિવર’, શાબૂઝીના ‘એ બાર સોંગ’, બ્રુનો માર્સનું ‘એપીટી’ અને બ્લેકપિંકના ‘રોઝીસ’ જેવા હિટ ગીતો પર ડાન્સ કર્યો.ટેડી સ્વિમ્સે ‘લોઝ કંટ્રોલ’ પરફોર્મ કર્યું ત્યારે જેનિફરે પહેલા પુરુષ બેકગ્રાઉન્ડ ડાન્સરને કિસ કરી. આ પછી તેણે મહિલા ડાન્સર સાથે લિપલોક પણ કર્યું. તેના વીડિયોએ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે.જેનિફરના અંગત જીવનની વાત કરીએ તો, તેણીએ તાજેતરમાં જ અભિનેતા બેન એફલેકથી છૂટાછેડા લીધા છે. ૫૫ વર્ષીય ગાયકે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી માર્ક એન્ટોની સાથે લગ્ન કર્યા હતા.આ બીજી વખત છે જ્યારે તેમણે આ કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેમણે એ.એમ.એ. તેમની કારકિર્દી દરમ્યાન. ના સ્ટેજ પર ૧૦ થી વધુ વખત પરફોર્મ કર્યું છે.

# અભિનેત્રી પર અગાઉ પણ અનપ્રોફેશનલનું લેબલ લાગી ચુક્યું છે

## અભિનેત્રી દીપિકા પાદુકોણને સંદીપ રેડ્ડી વાંગાએ અવ્યાવસાયિક વર્તનને કારણે ફિલ્મમાંથી બહાર કાઢી મૂકી છે



દીપિકા પાદુકોણ આ દિવસોમાં સમાચારમાં છે. દીપિકા ફિલ્મ સ્પિરિટમાં જોવા મળવાની હતી. પરંતુ હવે તે ફિલ્મમાંથી બહાર થઈ ગઈ છે. સ્પિરિટમાંથી દૂર કરવામાં આવી તે પહેલાં, દીપિકા પાદુકોણ પર અવ્યાવસાયિક હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.અભિનેત્રી દીપિકા પાદુકોણને સંદીપ રેડ્ડી વાંગાએ અવ્યાવસાયિક વર્તનને કારણે ફિલ્મમાંથી બહાર કાઢી મૂકી છે. એવા અહેવાલો છે કે અભિનેત્રીએ ૪-૫ માંગણીઓ કરી હતી અને સંદીપ દીપિકાની માંગણીઓથી નારાજ થઈ ગયો હતો. એટલા માટે તેણે દીપિકાને ફિલ્મમાંથી કાઢી મૂકી.આ પહેલી વાર નથી જ્યારે દીપિકા પર અવ્યાવસાયિક વર્તનનો આરોપ લાગ્યો હોય. આ પહેલા પણ નિર્માતા રમેશ તૌરાનીએ દીપિકા પર આરોપ લગાવ્યા હતા.નિર્માતા રમેશ તૌરાનીએ દીપિકાને અવ્યાવસાયિક ગણાવી હતી. ફેબ્રુઆરી ૨૦૧૨ માં તેમણે કહ્યું, ‘હું ૨૫ વર્ષથી હિન્દી સિનેમાનો ભાગ છું. મેં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવી છે. મેં ઐશ્વર્યા રાય, કેટરિના કૈફ, વિદ્યા બાલન અને કરીના કપૂર જેવી લોકપ્રિય અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે. પણ મને આવી પરિસ્થિતિ પહેલા ક્યારેય નહોતી પડી. ૨૦૧૧ માં, દીપિકાને તારીખોમાં સમસ્યા હોવાથી અમારે અમારું સમયપત્રક બદલવું પડ્યું. તે અયાન મુખર્જીની યે જવાની હૈ દીવાની જોઈ રહી હતી. તે સમયે મેં કરણ જોહર સાથે વાત કરી અને શેડ્યૂલ બદલ્યો જેથી હું બંને પ્રોજેક્ટ કરી શકું. રમેશે આગળ કહ્યું, ‘જ્યારે બધું બરાબર હતું, ત્યારે દીપિકાએ ૬ દિવસ શૂટિંગ કર્યા પછી ફિલ્મ છોડી દીધી.’ હું શું કહી શકું? અમારી પાસે કોઈ વિકલ્પ બચ્યો નહોતો. દિગ્દર્શકો અને કલાકારો તેનાથી કંટાળી ગયા હતા. તેમણે અમને તારીખો આપી હતી અને અમે તેમને ખાતરી આપી હતી કે અમે તારીખો બગાડવા નહીં દઈએ. ૨૭ જાન્યુઆરીના રોજ, તેમણે ફિલ્મ છોડી દીધી. લોકો મને પૂછી રહ્યા હતા કે શું દીપિકા રેસ ૨ માંથી બહાર થઈ ગઈ છે. મને કંઈ ખબર નહોતી.‘મેં તેને ફોન કરીને પૂછ્યું.’ તેણીએ કહ્યું કે તે ૫ વાગ્યે મારી ઓફિસે આવશે. પછી ૩ વાગ્યે તેણે આવવાની ના પાડી. તેનો મેનેજર આવ્યો. દીપિકાના મેનેજરે તેને કહ્યું કે તે આ ફિલ્મ કરી શકશે નહીં.


## તૃપ્તિને સ્પિરિટ માટે દીપિકા કરતા પાંચમાં ભાગની ફી મળી




સંદીપ રેડ્ડી વાંગાએ તેમની આગામી ફિલ્મ સ્પિરિટમાંથી દીપિકા પાદુકોણને કાઢી નાખી છે અને તેના સ્થાને તૃપ્તિ ડિમરીને લેવામાં આવી છે. તૃપ્તિ ડિમરી અને સંદીપ રેડ્ડી વાંગા બંનેએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વાતની પુષ્ટિ કરી છે. અહેવાલો અનુસાર, દીપિકા પાદુકોણને ફિલ્મમાંથી દૂર કરવામાં આવી હતી કારણ કે સંદીપ રેડ્ડી વાંગા તેની માંગણીઓ પૂરી કરી શક્યા ન હતા. તેમાંથી એકની ફી ૨૦ કરોડ રૂપિયાથી વધુ હતી. તે જ સમયે, નવા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે તૃપ્તિ ડિમરીની ફિલ્મ માટે ફી દીપિકા કરતા ઘણી ઓછી છે. તેલુગુ ૩૬૦ જેવી તેલુગુ સાઈટ્સ અનુસાર, તૃપ્તિ ડિમરી આ ફિલ્મ માટે ૪ કરોડ રૂપિયા ચાર્જ કરી રહી છે. જોકે હજુ સુધી આંકડાઓની કોઈ સત્તાવાર પુષ્ટિ નથી, પરંતુ આ સંખ્યા દીપિકા પાદુકોણે સ્પિરિટ માટે માંગેલી રકમ કરતા ઘણી ઓછી છે. તમને જણાવી દઈએ કે તૃપ્તિએ અગાઉ વાંગા સાથે સફળ ફિલ્મ એનિમલમાં કામ કર્યું છે.

# સામંથાનું ટ્રાન્સફોર્મેશન જોઈ ફેન્સને ચિંતા થવા લાગી

સામંથા રૂથ પ્રભુનો લેટેસ્ટ લુક સામે આવ્યો છે. આ લુકમાં ચાહકો તેને ઓળખી શકતા નથી. ફોટામાં સામંથા રૂથ પ્રભુ ખૂબ જ પાતળી દેખાય છે.સામંથા રૂથ પ્રભુ દક્ષિણ ઉદ્યોગની એક લોકપ્રિય સ્ટાર છે. તે પોતાના પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને લઈને સમાચારોમાં રહે છે. પુષ્પામાં સમન્થા રૂથ પ્રભુનો આઈટમ નંબર પણ વાયરલ થયો હતો.હવે સામંથા રૂથ પ્રભુના નવા ફોટા સામે આવ્યા છે. તેણીએ તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સામંથા રૂથ પ્રભુનો બદલાયેલો અંદાજ જોવા મળ્યો. સામંથા રૂથ પ્રભુએ ઘણું વજન ઘટાડ્યું છે. તે હવે ખૂબ જ પાતળી થઈ ગઈ છે. તેનું પરિવર્તન ખૂબ જ આઘાતજનક છે. ફોટામાં, સામન્થા બ્રાઉન રંગના સાઈડ કટ બોડીકોન ડ્રેસમાં જોવા મળી હતી. તેણીએ મેચિંગ હાઈ હીલ્સ સાથે લુક પૂર્ણ



કર્યો.જોકે, આ અવતારમાં સામન્થાને ઓળખવી મુશ્કેલ છે. તેનો લુક જોઈને ચાહકો પૂછી રહ્યા છે કે શું આ સામન્થા છે? એક યુઝરે લખ્યું - તે પહેલા કરતાં ઘણી પાતળી થઈ ગઈ છે. એક યુઝરે લખ્યું- સામન્થા ઓળખી શકાતી નથી. સામંથા રૂથ પ્રભુ દક્ષિણ ઉદ્યોગની એક લોકપ્રિય સ્ટાર છે, તે પોતાના પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને લઈને સમાચારોમાં રહે છે તે પહેલા કરતા ખૂબ જ અલગ દેખાય છે. એક યુઝરે લખ્યું- તેના પહેલાના ફોટા જુઓ અને હાલના ફોટા જુઓ, તે ખૂબ જ અલગ દેખાય છે. વર્ક ળન્ટની વાત કરીએ તો, સમન્થા શકુંતલમ અને કુશી જેવી ફિલ્મોમાં જોવા મળી હતી. તે સિટાડેલ હની બનીમાં પણ જોવા મળી હતી.





બંનેના પ્રેમની શરૂઆત વર્ષ ૨૦૧૩માં બિગ બોસના ઘરમાં થઈ હતી

# ગૌહર ખાન મને ધર્મ પરિવર્તનનું દબાણ કરતીઃ એક્ટર કુશાલ ટંડન

ટીવી એક્ટર કુશાલ ટંડન એકવાર ફરી ગૌહર ખાન સાથે બ્રેકઅપને લઈને ચર્ચામાં છે. એક્ટરે વર્ષો બાદ બ્રેકઅપના કારણનો ખુલાસો કર્યો છે. બંનેએ એક વર્ષના ડેટિંગ બાદ પોતાનો સંબંધ ખતમ કરી દીધો હતો. જેના પર હવે એક્ટરે કહ્યું કે, ‘તે મારો ધર્મ બદલવા ઈચ્છતી હતી.’ગૌહર ખાન અને કુશાલ ટંડનના પ્રેમની શરૂઆત વર્ષ ૨૦૧૩માં બિગ બોસના ઘરમાં થઈ હતી. બંને પહેલાં મિત્ર બન્યા અને બાદમાં પ્રેમ થઈ ગયો. શોની બહાર પણ બંનેનો સંબંધ આગળ વધ્યો હતો. પરંતુ, તે લાંબા સમય સુધી ચાલી ન શક્યો. બંનેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વિટ કરીને બ્રેકઅપની જાહેરાત કરી હતી. પરંતુ, છેક હવે જતા બંનેના બ્રેકઅપનું કારણ સામે આવ્યું છે. કુશાલે ગૌહર સાથે બ્રેકઅપના કારણનો ખુલાસો કરતા કહ્યું કે, ‘અમારા બ્રેકઅપનું કારણ ધર્મ હતો. ગૌહર મને હિન્દુમાંથી મુસ્લિમ ધર્મ પરિવર્તનની માંગ કરી રહી હતી. મારા માટે જિંદગીમાં પ્રેમ મહત્ત્વનો છે પરંતુ, તે જ બધું નથી.’આ પણ વાંચોઃ એક સમયે રિક્ષા પાછળ પોસ્ટર લગાવતો હતો આ અભિનેતા, પછી બન્યો એવો સુપરસ્ટાર કે એક ફિલ્મની કમાણી તો રૂ. ૨ હજાર




કરોડને પારજણાવી દઈએ કે, ગૌહર સાથે બ્રેકઅપ બાદ પણ કુશાલ હજુ સુધી કુંવારો છે. જોકે, ઘણીવાર એવી ચર્ચા સામે આવી છે કે, તે શિવાંગી જોશી સાથે રિલેશનશીપમાં છે. વળી, ગૌહર ખાને જૈદ દરબાર સાથે લગ્ન કરી લીધા છે. બંને જલ્દી જ બીજીવાર માતા-પિતા બનવા જઈ રહ્યા છે. એક્ટ્રેસે હાલમાં જ બેબી બમ્પ ફલોન્ટ કરતી પોતાની તસવીરો શેર કરી છે.

## યશવર્ધન અહુજાનું ડેબ્યૂ ફિલ્મ અટવાઈ

# બાબિલ ખાનના વિવાદના કારણે ગોવિંદાના પુત્રની ડેબ્યૂમાં ફસાઈ?

## ‘બેબી’ ફિલ્મની હિન્દી રિમેકને નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મમેકર સાઈ રાજેશ નીલમ ડાયરેક્ટ કરી રહ્યા હતાં





બોલિવૂડના ૮૦ના દાયકાના સુપર સ્ટાર ગોવિંદા પુત્ર યશુવર્ધન આહુજાએ બોલિવૂડ ડેબ્યૂ માટે હજી થોડી રાહ જોવી પડશે. આ વિલંબ પાછળનું કારણ બાબિલ ખાન બન્યો છે. ૨૦૨૩માં રિલિઝ થયેલી તેલુગુ રોમેન્ટિક ડ્રામા ‘બેબી’ની હિન્દી રિમેકમાં કામ કરવાનો હતો. તેની સાથે દિગ્ગજ સ્ટાર ઈરફાન ખાનના પુત્ર બાબિલ ખાનને કાસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ બાબિલે અચાનક પોતાનો આ કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો. તેના આ નિર્ણયથી આ ફિલ્મ તો અટવાઈ છે, પરંતુ યથવર્ધનનું ડેબ્યૂ પણ અધવચ્ચે ટીંગાઈ ગયુ છે. ‘બેબી’ની હિન્દી રિમેકને નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મમેકર સાઈ રાજેશ ડાયરેક્ટ કરી રહ્યા હતાં. ફિલ્મનું શૂટિંગ ૫ મે, ૨૦૨૫થી શરૂ થવાનું હતું. પરંતુ હાલમાં જ સોશિયલ મીડિયા પર બાબિલનો એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં તે બોલિવૂડ વિશે ખરાબ-અપશબ્દો બોલી રહ્યો હતો. સાઈ રાજેશે બાબિલના આ વીડિયો પર પ્રતિક્રિયા આપતાં તેની ટીકા કરી હતી. જેથી બાબિલ ખાન નારાજ થયો હતો અને તેણે અચાનક આ ફિલ્મ કરવાનો ઈનકાર કરી દીધો.બાબિલની આ પ્રતિક્રિયાથી યશવર્ધનનું ડેબ્યૂ અટવાયું છે. તેની આ ફિલ્મ બોલિવૂડમાં પણ ડેબ્યૂ થવાની હતી. પરંતુ હવે તેના માટે રાહ જોવી પડશે. ફિલ્મના કાસ્ટિંગમાં અગાઉ પણ વધુ સમય લાગ્યો હોવાથી પ્રોડક્શન હાઉસે બાબિલની એક્ઝિટથી હાલ આ પ્રોજેક્ટ સ્થગિત કરી દીધો છે. મીડિયા સૂત્રો અનુસાર, મેકર્સે ફિલ્મની હિરોઈન પસંદ કરવામાં છ મહિનાનો સમય લીધો હતો. પરંતુ હવે ફરી હિરોની પસંદગી કરવી પડશે. જે અત્યંત મુશ્કેલ છે. જેથી હાલ ફિલ્મનું શૂટિંગ અટકાવી દેવામાં આવ્યું છે. ‘બેબી’ની હિન્દી રિમેકને નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મમેકર સાઈ રાજેશ ડાયરેક્ટ કરી રહ્યા હતાં તેલુગુ વર્ઝનની બેબી ફિલ્મના લેખક અને ડાયરેક્ટર સાઈ રાજેશ હતાં. ફિલ્મમાં વૈષ્ણવી ચૈતન્ય, આનંદ દેવરકોંડા અને વિરજ અશ્વિન લીડ રોલમાં હતા. ૧૦ કરોડના બજેટની આ ફિલ્મે બોક્સ ઓફિસ પર રૂ. ૮૦ કરોડની કમાણી કરી હતી. તેની સફળતા જોતાં મેકર્સે તેની હિન્દી રિમેક બનાવવાનો નિર્ણય લીધો હતો. જેમાં બાબિલ આનંદ દેવરકોંડા, યશવર્ધન વિરજ અશ્વિનની ભૂમિકા ભજવવાનો હતો. પરંતુ બાબિલે આ પ્રોજેક્ટમાંથી પોતાનું નામ દૂર કરતાં

# ચહલ સાથે છૂટાછેડા બાદ કેવી છે ધનશ્રીની લાઈફ?

## ધનશ્રીએ કહ્યું કે, હું ફાલતું બોલતા લોકો પર ધ્યાન નથી આપતી, કારણ કે હું મારા ગ્રોથ પર ફોકસ કરી રહી છું

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા હવે અલગ થઈ ગયા છે. બંન્નેની વર્ષ ૨૦૨૦માં લગ્ન થયા હતા, પરંતુ બંન્નેના સંબંધો વધુ ટક્યા નહીં. ધનશ્રીએ હાલમાં જ છુટાછેડા પછીની લાઈફ વિશે વાત કરી હતી. ધનશ્રીનું કહેવું છે કે, છુટાછેડા પછીનું જીવન બદલાઈ ગયું છે. હવે તે પોતાની જાતને પ્રાયોરિટી આપી રહી છે અને નેગેટિવિટીને ઈગ્નોર કરે છે. હકીકતમાં જ્યારે ધનશ્રીને પૂછવામાં આવ્યું કે, તેણે છેલ્લા કેટલાક મહિનાઓથી મળી રહેલી નેગેટિવિટી અને ટીકાને કેવી રીતે સંભાળી, ત્યારે ધનશ્રીએ તેના જવાબમાં મીડિયાને કહ્યું, ‘મને તેનાથી કોઈ ફરક નથી પડ્યો. મેં મારી જાતને કામ પર ફોક્સ કર્યો છે, કારણ કે મારી પાસે ઘણી જવાબદારીઓ છે. મેં મારી જાતને મજબૂત બનાવી છે. નેગેટિવિટી અને ટીકાનો પહેલા દિવસથી જ મારા પર કોઈ અસર થઈ નથી અને ભવિષ્યમાં પણ ક્યારેય નહીં પડે.’ધનશ્રીએ આગળ કહ્યું કે, હું ફાલતું બોલતા લોકો પર ધ્યાન નથી આપતી, કારણ કે હું મારા ગ્રોથ પર ફોકસ



કરી રહી છું. મેં મારુ લક્ષ્ય નક્કી કરી લીધુ છે અને ત્યા સુધી કમિટેડ રહીશ જ્યાર સુધી હું તેને પ્રાપ્ત ન કરી લઉં. હું એવા લોકો સાથે રહું છું જે મને રિસ્પેક્ટ આપે છે અને મને પ્રેમ કરે છે. ધનશ્રીનું એવું પણ કહેવું છે કે, લોકો તેના વિશે શું વિચારે છે તેના પર તેને કોઈ રસ નથી, કારણ કે આનાથી ફક્ત અફવાઓ વધ છે.ઉલ્લેખનીય છે કે, હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ ‘ભૂલ ચૂક માફ’ના ગીત ટિંગ લિંગ સજના. આ ગીત પર તેની સાથે રાજકુમાર રાવ હતા. તો તે તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવાની હતી. આ ફિલ્મ દ્વારા તે પોતાના અભિનય યાત્રાની શરુઆત કરી રહી છે. ધનશ્રીએ કહ્યું કે, હું આ નવા અધ્યાય માટે ખૂબ જ ઉત્સાહી છું કારણ કે, હું એક્ટિંગ કરવાની છું. હું જે કંઈ શીખું છું, તેના માટે હું ઉત્સાહિત છું.

### નકારાત્મકતા પર ધ્યાન નથી આપતી : ધનશ્રી વર્મા



# ઝાલોદ દાઉદી વ્હોરા સમાજ દ્વારા રાહગીરોને ગરમીમાં ઠંડક મળે તે હેતુથી લીંબુ પાણીનું વિતરણ કરી સેવાકીય કાર્ય કર્યું

## પી.એસ.આઈ સીસોદીયા પણ આ સેવાકીય કાર્યમા જોડાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।**

અત્યારે ઝાલોદ નગરમાં ભેજ વાળા પવનોના કારણે બફારા વાળું વાતાવરણ જોવા મળી રહેલ છે. જેથી નગરમાં બફારો અને ગરમીનો અહેસાસ થઈ રહેલ છે ત્યારે આવી ગરમીમાં રાહત મળે તે હેતુથી વ્હોરા સમાજ ઝાલોદ દ્વારા રાહગીરોને ગરમીથી ઠંડક મળે તે હેતુથી તેમના ૫૩ માં ધર્મગુરુ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.સ) અવાર નવાર સેવાકીય કાર્યો કરવા હાકલ કરતા રહે છે તે અન્વયે બસ સ્ટેશન વિસ્તારમાં લીંબુ પાણીનુ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. વ્હોરા સમાજના લોકો મોટા પ્રમાણમાં આ સેવાકીય પ્રવૃત્તિ કરવા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હતા તેઓ આવતા જતા વાહનચાલકો, રાહગીરોને લીંબુ પાણીનું વિતરણ કરતા જોવા મળતા હતા. આ સેવાકીય કાર્યમા નગરના પી.એસ.આઈ સી.કે.સીસોદીયા પણ જોડાયા હતા અને તેઓ પણ આવતા જતા રાહગીરોને લીંબુ પાણીનુ વિતરણ કરવા જોડાયા હતા. વ્હોરા સમાજ દ્વારા કરવામાં આવેલ આ સેવાકીય કાર્યમા ૩૦૦૦ થી વધુ લોકો આ ફ્રી લીંબુ પાણીના સેવાકીય કાર્યનો લાભ લીધો હતો. ઝાલોદ વ્હોરા સમાજ નગરમાં અવારનવાર આવા સેવાકીય કાર્યો વર્ષો થી કરતી આવેલ છે. નગરના લોકોએ આ સેવાકીય કાર્યને વખાણી હતી.

# આહવા ખાતે દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સયુંકત EM Care Award અને આધાર એવોર્ડ પ્રોગ્રામનું કરાયુ આયોજન



**। (માહિતી) ડાંગ, તા.૨૮ ।**

પ્રતિવર્ષ તારીખ ૨૬મી મે ના રોજ ઈ.એમ.આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ-૧૦૮ ઉજવે છે ''પાઈલોટ દિવસ''. જેના ભાગરૂપે દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓના એક સયુંકત **EM Care Award** અને આધાર એવોર્ડ પ્રોગ્રામનું આયોજન ડાંગના કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ, અને ઓપરેશન હેડ શ્રી સતિષ પટેલની અધ્યક્ષતામાં તા. ૨૬ મી મે, ૨૦૨૫ ના રોજ કરાયુ હતું. જિલ્લા સેવા સદનના કોન્ફરન્સ હોલ ખાતે કરાયેલી આ ઉજવણી દરમિયાન તમામ એવોર્ડ વિજેતાઓએ પોતાના ૧૦૮ વિશેના અનુભવો વર્ણવી, દક્ષિણ ગુજરાત ૧૦૮ ની ટીમને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉજવણી દરમિયાન **EM Care** અને **VET Care** નું વિમોચન તથા આધાર એવોર્ડ પ્રોગ્રામ તેમજ પાઈલોટ દિવસની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ૧૦૮ ઈમરજન્સી સેવા, ઇ.એમ.આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ અને ગુજરાત સરકારની લોકભાગીદારીથી આજે વિશ્વાસ અને ચોક્કસાઈનો પર્યાય બની ગયો છે. જે તમામ પ્રકારની મેડીકલ ઈમરજન્સીને પ્રતિસાદ આપવા કટીબધ્ધ અને પ્રતિબદ્ધ છે. સાથે સાથે તેની કામગીરીથી જનમાનસમાં સંપાદિત થયેલો વિશ્વાસ અભુતપૂર્વ છે. આ સેવા પોલીસ ફાયર કે મેડીકલ સંબંધીત ઈમરજન્સી સેવા **24×7** રાજ્યભરમાં પુરી પાડે છે. આ સેવામાં પાઈલોટ (એમ્બ્યુલન્સના ચાલક) પિડીત (દર્દી) ને સત્વરે ઈમરજન્સી સારવારમાં મદદરૂપ થવા માટેની મહત્વની કડી છે. ૧૦૮ સેવા અને ઈ.એમ. આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસના ઈતિહાસમાં ખુબ જ મહત્વપૂર્ણ છે. ૨૬ મી મે, ''પાઈલોટ દિવસ' ની ઉજવણી અંતર્ગત ઈ.એમ.આર.આઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા પાઈલોટની નિઃસ્વાર્થ સેવા બદલ તેમનું સન્માન કરવામાં આવે છે. કોઈ પણ કટોકટીના સમયે, પ્રત્યેક સેકન્ડ મુલ્યવાન હોય છે. સત્વરે ઈમરજન્સી રિસપોન્સ**CPR**,ફાયરફાઈટીંગ, એસ્ટ્રીકેશન અને પ્રાથમિક સારવાર મહામુલી માનવ જિંદગી બચાવે છે. ઈ.એમ. ટી. ની સાથે સાથે, પિડીતને સલામતીથી હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે પાઈલોટ-ની ભુમિકા ખૂબ મહત્વની છે. કટોકટીના સમયે મહામુલી માનવ જિંદગી બચાવવા, બીજા અન્ય ઘટકો પણ મહત્વના છે. જેમ કે પિડીતને સલામતીથી એવી રીતે ખસેડવાં કે જેનાથી તેમને વધુ કોઈ પણ ઈજા કે હાનિ પહોંચે નહી. સ્થળ પર ઘાયલ કે દર્દીઓના હિતમાં સલામતી અને ચતુરાઈભર્યું વિવેકપૂર્ણ કાર્ય કરવું એ પણ પાઈલોટ-નું વિશેષ કાર્ય છે. આજના આ અત્યાધુનિક યુગમાં ૧૦૮ સેવાના પાઈલોટ પણ સુસજ્જ ટેક્નોલોજી અને સ્માર્ટ ફોનની મદદથી દર્દીને ખુબ જ ઝડપથી યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડે છે. ૨૬મી મે, કટોકટી સમયે, મહામુલી માનવ જિંદગી બચાવનારા પાઈલોટને સર્મપિત છે, કે જેઓ મુશ્કેલભર્યો માર્ગ, માર્ગની પરિસ્થિતિ, સમય, વાતાવરણ અને સ્થળ પરની કપરી પિરિસ્થિતને પહોંચી વળવા સક્ષમ અને કટિબદ્ધ છે. જે આ સેવાને બીજી સેવાઓ કરતાં અલગ પાડે છે. આ પ્રસંગે શ્રી જશવંત પ્રજાપતિ, ચીફ ઓપરેટીંગ ઓફીસર, ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ-૧૦૮ દ્વારા જણાવાયું હતું કે ''૧૦૮ એમ્બ્યુલન્સના ચાલકને ઈ.એમ. આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસે ''પાઈલોટ''નું બિરૂદ આપ્યું છે. કે જે માત્ર એમ્બ્યુલન્સ જ ચલાવતા નથી, પરંતુ સાથે સાથે ઉચ્ચ કોટીની કટીબધ્ધતા, પ્રતિબદ્ધતા, અને સમપર્ણની ભાવના અને અનોખી જીવનરક્ષક જવાબદારી પણ અદા કરે છે.

# ચોમાસાની ઋતુ દરમિયાન જિલ્લામાં મચ્છર ઉત્પતિ નિયંત્રણ કામગીરી હાથ ધરવા અમરેલી જિલ્લા કલેકટરશ્રીની સૂચના

**। અમરેલી, તા.૨૮ ।**

જૂન માસ એ મેલેરિયા વિરોધી માસ તરીકે અને જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવશે. જૂન અને જુલાઈ માસ દરમિયાન જિલ્લામાં મેલેરિયા અને ડેન્ગ્યુ વિરોધી પ્રવૃત્તિઓ હાથ ધરવા અમરેલી જિલ્લા કલેકટરશ્રીએ અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા અને મેલેરિયા શાખાને સૂચના આપી છે. અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠકમાં, ચોમાસાની ઋતુને ધ્યાને રાખી જિલ્લામાં મચ્છર ઉત્પતિ નિયંત્રણ કામગીરીને સઘન બનાવવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં વાહકજન્ય રોગચાળો ફેલાવાની શક્યતા વધુ રહે છે. આથી તકેદારીના ભાગરુપે આગોતરાં જ પગલાઓ હાથ ધરવામાં આવે અને મચ્છર ઉત્પતિ સ્થાનો પર નિયંત્રણ માટેના પગલાઓ ભરવામાં આવે તે અનિવાર્ય છે. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લાની આરોગ્ય અને મેલેરિયા શાખા, વિવિધ નગરપાલિકાઓ અને સંલગ્ન કચેરીઓને આંતરિક સંકલન સુદ્રઢ કરી મચ્છર વિરોધી કામગીરી કરવા સૂચના આપી હતી.

બેઠકમાં, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, નગર પાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ સહિત અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી જિલ્લા પંચાયત મેલેરિયા શાખાએ એક યાદીમાં જણાવ્યું છે.

# "રક્તદાન, મહાદાન" રાજકોટના ઇશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**। રાજકોટ, તા.૨૮ ।**

રાજકોટનાં શ્રી એમ.પી. જાડેજા ફેમિલી ફાઉન્ડેશન અને સિનર્જી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, રાજકોટ મહાનગરપાલિકા અને નાગરિકોના સહયોગથી ઈશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા અને જનભાગીદારી નોંધાવા રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના ૫૦થી વધુ કર્મીઓ, રાજકોટ મહાનગર પાલિકાના કર્મીઓ અને જાહેર જનતા એમ કુલ મળીને આશરે સાત હજારથી વધુ લોકોના અનન્ય યોગદાનથી ૫૦૦૦થી વધુ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સી.આઈ. એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ/ચીફ એરોડ્રોમ ઓફિસરશ્રી અમનદીપ સિરસવા અને આર. એમ.સી.ના ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ સામાજિક જવાબદારી અને સમુદાય સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી હતી. અને ''રકતદાન એજ મહાદાન''ના સંકલ્પને સાર્થક કરવા હજારો લોકો સહભાગી થયાં તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજકોટ જ્યુબિલી બાગને પ્લાસ્ટિક મુક્ત કરતાં સફાઇ કર્મીઓ

**। રાજકોટ, તા.૨૮ ।**

પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે દેશભરમાં 'પ્લાસ્ટિક મુક્ત અભિયાન' ચાલી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેરનું પ્રખ્યાત અને ઐતીહાસિક મહત્વ ધરાવતાં જ્યુબિલી બાગને સ્વચ્છ બનાવવા ઝુંબેશ હાથ ધરાઈ છે. આ જ્યુબિલી બાગમાં પ્રાદેશિક માહિતી કચેરી, રોશની શાખા, વોટસન મ્યુઝીયમ, પુરાતત્વ વિભાગની કચેરી, બેન્ડ સ્ટેન્ડ, લેંગ લાઈબ્રેરી, ફલડ શાખા, ચબુતરો, બગીચાનો વિસ્તાર સ્વચ્છ અને સુઘડ રહે તે માટે છે. સફાઈ કર્મીઓ દ્વારા પ્લાસ્ટિક અને અન્ય કચરાઓને દુર કરીને સાફ સફાઈ કરવામાં આવી હતી.

### દાહોદ ખાતે આવેલ રોલિંગ સ્ટોક વર્કશોપમાં લોકો નિર્માણ કેન્દ્ર પરિવર્તની દિશામાં એક ઐતિહાસિક પગલું

# માલ પરિવહનના ક્ષેત્રમાં રેલવેના નવા યુગની થઈ શરૂઆત

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના દાહોદ ખાતે આવેલ રોલિંગ સ્ટોક વર્કશોપમાં લોકો નિર્માણ કેન્દ્રનું કરવામાં આવ્યું લોકાર્પણ

**। નવી દિલ્લી, તા.૨૮ ।**

ભારતીય રેલવેએ માલવહનના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ હરણફાળ ભરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૬ મે, ૨૦૨૫ ના રોજ ગુજરાતના દાહોદ ખાતે આવેલ રોલિંગ સ્ટૉક વર્કશૉપમાં લોકો નિર્માણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવવું આ પરિવર્તનની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. એક એવું પગલુ જે ઝડપી ગતિ, માલવહનમાં વૃદ્ધિ અને સતત વિકાસને ગતિ આપવાની પ્રતિબદ્ધતાથી પરિપૂર્ણ હશે. આ અતિઆધુનિક સુવિધામાં ૯,૦૦૦ હૉર્સપાવર ક્ષમતાના ૧,૨૦૦ અતિઆધુનિક ઈલેક્ટ્રિક માલવાહક એન્જિનોનું નિર્માણ કરવામાં આવશે. આનાથી મેક ઈન ઈન્ડિયા, મેક ફૉર ધ વર્લ્ડને પ્રોત્સાહન મળશે.

આ એન્જિન ૪,૫૦૦ થી ૫,૦૦૦ ટન સુધીના ભારે માલને અતિ ઊંચાણ પર પણ સરળતાથી લઈ જવામાં સક્ષમ છે. જેનાથી ભારે માલવહન પરિવહનમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ નિર્મિત આ એન્જિન અતિઆધુનિક **IGBT**-આધારિત પ્રોપલ્શન ટેકનિકથી સુસજ્જિત છે, જે ઉર્જા કાર્યક્ષમતા અને સંચાલન પ્રદર્શનને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે. આ વિશેષતાઓ ભારતીય રેલવેને આધુનિક, ભરોસાપાત્ર અને પર્યાવરણ અનુકૂળ માલવાહક લોજિસ્ટિકના અગ્રણી પથ પર લઈ જાય છે.

૯૦૦૦ હૉર્સપાવરના આ લોકોમોટિવ ભારતીય રેલવે દ્વારા વિકસિત સૌથી શક્તિશાળી સિંગલ-યુનિટ ઈલેક્ટ્રિક એન્જિન છે. અત્યાર સુધી માલવાહક એન્જિન સામાન્યપણે ૪૫૦૦ અથવા ૬૦૦૦ હૉર્સપાવનની ક્ષમતાવાળા ચાલતા હતા. જ્યારે ૧૨,૦૦૦ હૉર્સપાવરના એન્જિન પણ છે, જે બે ૬૦૦૦ હૉર્સપ ાવર યુનિટને જોડીને બનાવવામાં આવે છે. આનાથી વિપરિત, દાહોહમાં નિર્મિત આ એન્જિન એકિકૃત ઉચ્ચ-શક્તિ સમાધાન આપે છે, જે લાંબી અને ભારે માલગાડીઓને સરળતાથી ખેંચી શકે છે. આ વધેલી ક્ષમતાનો અર્થ છે ઓછી ટ્રિપ્સમાં વધારે માલ પરિવહન. જેનાથી સમયની બચત, ભીડભાડમાં ઘટાડો અને બહેતર લોજિસ્ટિક કાર્યક્ષમતા સુનિશ્ચિત થાય છે. આનાથી રેલવે વ્યવહાર વૈવિધ્યપૂર્ણ થશે. જેનાથી વ્યસ્ત માર્ગો પર દબાણ ઘટશે. સાથે જ, માનવ સંસાધન અને ઉર્જા ખર્ચમાં ઘટાડો આવશે. આ બધા લાભ ઉદ્યોગો માટે લોજિસ્ટિક પડતરને ઘટાડીને મૂલ્ય પ્રતિસ્પર્ધા અને આપૂર્તિ શ્રેણીને ઉત્તમ બનાવશે.

એક સમય એવો પણ હતો જ્યારે રેલવે કામોના મુખ્ય કેન્દ્ર રહેલા દાહોદમાં પ્રવૃત્તિઓ ઓછી થઈ ગઈ હતી.૨૦૨૨ માં વડાપ્રધાન મોદીએ આને રેલવે નિર્માણના નવા કેન્દ્રરૂપે પુનઃસ્થાપિત કરવાનો અભિગમ રાખ્યો. આજે આ અભિગમ સાકાર થઈ રહ્યું છે. લોકો નિર્માણ કેન્દ્ર ભારતીય રેલવે માટે બ્રૉડ ગેજ અને નિકાસ માટે સ્ટાન્ડર્ડ ગેજ બંને પ્રકારના એન્જિન બનાવવામાં સક્ષમ છે. આ દ્વિક્ષમતા ભારતને વૈશ્વિક રેલવે નિર્માણ બજારમાં મજબૂત સ્થિતિ અપાવે છે. આ પરિયોજનામાં ૮૯% ભાગો ભારતમાં બનાવવામાં આવ્યા છે, જેનાથી આ 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફૉર વર્લ્ડ' બંને અભિયાનોને અનુરૂપ છે. ૯૦૦૦ હૉર્સપાવર એન્જિની ખાસિયત તેના ટકાઉપણામાં રહેલી છે. આનું નિર્માણ હરિત ઉર્જથી સંચાલિત ફેક્ટરીમાં થાય છે, જેને ગ્રીન મેન્યુફેક્ચરિંગ ટેગ મળ્યું છે. આ ઉપરાંત, આમાં રિજનરેટિવ બ્રેકિંગ ટેકનિક પણ છે, જે બ્રેક લાગવા પર ઉર્જાને ગ્રીડમાં પરત મોકલે છે. જેનાથી કાર્બન ફુટપ્રિન્ટ ઓછું થાય છે. આ વિશેષતાઓ ભારતની પર્યાવરણ પ્રતિબદ્ધતાઓને સશક્ત બનાવે છે. આ એન્જિનમાં 'કવચ' સિસ્ટમ (ભારતની સ્વદેશી અથડામણ-રોધક સિસ્ટમ), એરકન્ડિશન્ડ ડ્રાઈવર કેબિન, ઓછો ઘોંઘાટ અને ધ્રુજારી જેવી વિશેષતાઓ છે, જે સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરાવે છે. એન્જિનની દરેક તરફ લાગેલા કેમેરા દેખરેખ અને સુરક્ષાને બહેતર બનાવે છે. આના શૌચાલયમાં ઈલેક્ટ્રોનિક લૉક હોય છે જે ફક્ત એન્જિનના સ્થિર થવા પર ખુલે છે. જેનાથી કાર્યકારી શિસ્ત સુનિશ્ચિત થાય છે. દાહોહ સુવિધાની એક મુખ્ય વિશેષતા કૌશલ વિકાસ પર ભાર છે. એક વર્ચ્યુઅલ ડિજિટલ મૉડલ વિકસિત કરવામાં આવ્યું છે, જે મિકેનિકો અને ડ્રાઈવરોને તાલીમ આપવામાં સહાયતા કરે છે. આ પરિયોજનાથી જોડાયેલા માળખાગત વિકાસ હેઠળ ૮૫% નોકરીઓ સ્થાનિક યુવાનોને મળી છે. કાર્યબળની ટેકનિકલ ક્ષમતાઓને વધારવા માટે વિશેષ તાલીમ મૉડ્યુલ બનાવવામાં આવ્યા છે. આ લોકો નિર્માણ કેન્દ્ર ફક્ત રોજગાર સર્જન જ નથી કરી રહ્યું, પરંતુ દાહોદ ક્ષેત્રમાં ઉદ્યોગો અને આધારભૂત માળખાના વિકાસને ગતિ પણ આપી રહ્યું છે.

### અમદાવાદ જિલ્લામાં આગામી તા.૧૭મી જૂનથી ૨૦ જૂન સુધી

# PMJANMAN તથા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન-DA JGUA અંતર્ગત સેચ્યુરેશન કેમ્પ યોજાશે

### આધાર કાર્ડ, રેશનકાર્ડ, આયુષ્માન ભારત કાર્ડ-PMJAY, જાતિ પ્રમાણપત્ર, પીએમ કિસાન, જનધન ખાતા સહિતના વિવિધ લાભો છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાનું મહાઅભિયાન

**। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।**

અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન-**PM-JANMAN** તથા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન-**DA JGUA** અં-તર્ગત આગામી તા. ૧૭ જૂનથી ૨૦ જૂન સુધી વિવિધ સરકારી જનકલ્યાણકારી યોજનાઓ અને સુવિધાઓ અનુસૂચિત જનજાતિના અને ખાસ કરીને પઢાર જાતિના લોકો તથા અન્ય નાગરિકો સુધી પહોંચાડવા સેચ્યુરેશન કેમ્પનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવનાર છે.

ભારત સરકારના જનજાતિય મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં તા.૧૫ જૂનથી તા.૩૦ જૂન સુધી પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન-**PM-JANMAN** તથા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન-**DA JGUA** અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં વસતા અનુસૂચિત જનજાતિના નાગરિકો સુધી જનહિતકારી યોજનાઓ અને સુવિધાઓ પહોંચાડવાના ઉમદા આશયથી સેચ્યુરેશન કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં આગામી તા.૧૭મી જૂનના રોજ વિરમગામ તાલુકાના શાહપુર, ધંધુકા તાલુકાના ખસ્તા, ધોળકા તાલુકાના અંધારી અને બાવળા તાલુકાના શિયાળ ગામે સેચ્યુરેશન કેમ્પ યોજાશે. જ્યારે તા. ૧૯મી જૂને બાવળા તાલુકાના દેવડથલ ગામે અને તા. ૨૦મી જૂનના રોજ બાવળા તાલુકાના દુર્ગી ગામે સેચ્યુરેશન કેમ્પ યોજાશે.

આ સેચ્યુરેશન કેમ્પ માં આધાર કાર્ડ, રેશનકાર્ડ, આયુષ્માન ભારત કાર્ડ-**PMJAY**, જાતિ પ્રમાણપત્ર, પીએમ કિસાન, જનધન ખાતા જેવા વિવિધ લાભો પહોંચાડવા ઉપરાંત સિકલ સેલ રોગો અંગે જાગૃતિ લાવવા માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. જેથી જિલ્લાના અનુસૂચિત જનજાતિના નાગરિકો અને ખાસ કરીને પઢાર જાતિના નાગરિકો સહિત તમામ લોકોને આ કેમ્પનો પૂરતો લાભ મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા જિલ્લા કલેક્ટરશ્રી સુજિત કુમાર દ્વારા જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો તમારા માટે કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને તમે સામાન્યપણે તમે છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો અને વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા થોડોક આરામ કરો.આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમે જે કંઈ કરશો તેમાં તમે ઊર્જાથી સભર હશો.તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તમે તમારી યોજનાઓ વિશે સૌને જણાવ્યા કરશો તો તમે તમારા પ્રૉજેક્ટને બરબાદ કરી મુકશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે.આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો. સંતોષકારક પરિણામો મેળવવા માટે ચીજોનું આયોજન સારી રીતે કરો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થઈ શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જઈ શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. ભાગીદારીમાં નવું સાહસ શરૂ કરવા માટે સારો દિવસ. સૌને લાભ થવાની શક્યતા છે. પણ ભાગીદાર સાથે હાથ મેળવતા પૂર્વે વિચારજો. જે લોકો ના પરિવારજનો ની ફરિયાદ છે કે તેઓ પરિવાર ને પૂરતો સમય નથી આપતા.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે ખુશી તથા મોજમજા ભર્યો દિવસ છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂ ટૅન્શન ઘટાડશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે પરંતુ ગુસ્સે થવાની જરૂર નથી.આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજનો દિવસ એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી વધુ પડતી કૅલૉરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**મકર (ખ,જ) :**

આજે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી-કેમ કે તમારી ગેરહાજરીમાં બધી ચીજો સરળતાથી ચાલશે-જો-કોઈ-વિચિત્ર કારણસર-સમસ્યા સર્જાઈ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂ કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે.






મુંબઈમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છત્રપતિ સંભાજી મહારાજ રાજ્ય પ્રેરણા ગીત પુરસ્કાર ૨૦૨૫ સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકરના પરિવારને પ્રતિષ્ઠિત મરાઠી ગીત 'અનાડી મીપ અનંત મીપ' તરીકે અર્પણ કર્યું.

ન્યૂઝ બ્રિફ

## ભારતે પમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ બનાવવા કવાયત શરૂ કરી દીધી



| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ઓપરેશન સિંદૂરને સફળ બનાવવામાં ભારતીય વાયુદળનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. જો કે આ સફળતાને યાદ કરીને ખુશ થવાના બદલે સરકારે પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ વિકસાવવા કવાયત શરૂ કરી છે. શત્રુના ઠેકાણા સુધી ચુપચાપ પહોંચીને સચોટ નિશાન સાધતા હોવાથી તેને સ્ટીલ્થ કહેવામાં આવે છે. નવી પેઢીના ફાઈટર જેટ્સ વિકસાવવાની જવાબદારી ધ એરોનોટિકલ એજન્સીને સોંપવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યુ હતું કે, ટ્વિન એન્જિન પાવર્ડ પાંચમી પેઢીના ફાઈટર જેટ્સ વિકસાવવા સરકાર હસ્તકની પીએસયુ ધ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી ટૂંક સમયમાં સ્વદેશી ડિફેન્સ કંપનીઓ પાસેથી ઈરાદાપત્રો મંગાવશે. આ કામગીરી માટે સ્વદેશી કંપની ઓની પસંદગીને અગ્રતા અપાશે. સરકાર હસ્તકની અને ખાનગી ડિફેન્સ કંપનીઓ સ્ટીલ્થ ફાઈટર જેટ્સ વિકસાવવા ઓફર રજૂ કરશે. સૈન્ય માટે એરક્રાફ્ટ બનાવતી સરકાર હસ્તકની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું ભારણ ઘટાડવાના હેતુથી માર્ચ મહિનામાં ખાનગી ક્ષેત્રના પ્રવેશને પણ મંજૂરી અપાઈ હતી. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસની ૪.૫ જનરેશન પૂરી પાડવામાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા વિલંબ થયો હતો. અમેરિકાએ એન્જિનના જરૂરી પાર્ટ્સ ન આપ્યા હોવાથી વિલંબ થયો હોવાનું કારણ હિન્દુસ્તાન એરોનોટિક્સે દર્શાવ્યુ હતું.

## વઢવાણમાં મહારાણા પ્રતાપની પ્રતિમા ખંડિત કરાતા ભારે વિરોધ



| (એજન્સી) મુંબઈ, તા.૨૮ |

વઢવાણ ધોળીપોળ વિસ્તારમાં પુલના ખુણે આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમા ખંડીત કરવામાં આવતા લોકો સહિત ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો સહિતના લોકો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પ્રતિમાને ખંડિત કરનાર શખ્સોને ઝડપી પાડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. વઢવાણ ધોળીપોળના પુલના છેડે આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમાને અસામાજિક તત્વો દ્વારા ખંડિત કરવામાં આવતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો. અસામાજિક તત્ત્વો દ્વારા મહારાણાની પ્રતિમાના હાથનો એક પંજો અજાણ્યા શખ્સો દ્વારા તોડી નાંખવામાં આવ્યો હતો તેમજ પ્રતિમાની તલવાર લઈ નાસી છુટયા હતા.જ્યારે આ અંગેની જાણ થતાં ક્ષત્રિય સમાજના હોદ્દેદારો, આગેવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરતા પોલીસ કાફલાએ પણ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. પ્રતિમા પાસેથી બે મોટા પથ્થરો પણ મળી આવતા અસામાજીક તત્વો દ્વારા મહારાણા પ્રતાપની પ્રતિમાને ઈરાદાપૂર્વક ખંડીત કરી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જ્યારે આ બનાવથી સમગ્ર ક્ષત્રિય સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા અને પ્રતિમા ખંડીત કરનાર શખ્સોને ઝડપી પાડી.

### લીવરપુરની જીત પર ૧૦ લાખ લોકોએ વિક્ટ્રી પરેડ કાઢી હતી

# બ્રિટનમાં કાર ડ્રાઈવરે કેટલાક ફૂટબોલ ચાહકોને કચડી નાંખ્યા, ૫૦થી વધુ ઘાયલ

### બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ ઘટનાને ચોંકાવનારી ગણાવીને અને કહ્યું કે, લિવરપુરની તસવીરો ભયાનક છે

| (એજન્સી) લંડન, તા.૨૮ |

બ્રિટનના લિવરપુર શહેરમાં એક વ્યક્તિએ કારથી કેટલાક ફૂટબોલ ચાહકોને કચડી નાખ્યા છે. આ દુર્ઘટનામાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ પૈકી ૨૭ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ઘાયલ થયેલા ૨૦ લોકોની ઘટનાસ્થળે જ સારવાર કરવામાં આવી હતી. આ ફૂટબોલ ચાહકો લિવરપુલ ફૂટબોલ ક્લબની પ્રીમિયર લીગમાં જીત પછી વિક્ટ્રી પરેડમાં નીકળ્યા હતા. સ્થાનિક પોલીસના કહેવા મુજબ, સોમવારે સાંજે સ્થાનિક સમય મુજબ લગભગ ૬ કલાકે વોટર સ્ટ્રીટ પર એક કારે કેટલાક પદયાત્રીઓને ટક્કર મારી હતી. આ ઘટના માટે જવાબદાર ૫૩ વર્ષીય આરોપીની




ધરપકડ કરવામાં આવી છે. જોકે, પોલીસે ઘટનામાં આતંકવાદી હુમલાની શક્યતાને નકારી દીધી છે. મીડિયા રિપોર્ટ મુજબ આ પરેડમાં લગભગ ૧૦ લાખ લોકો સામેલ થયા હતા. સ્થાનિક પોલીસે એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે આરોપી લિવરપુલ વિસ્તારમાં રહેતો એક ગોરો વ્યક્તિ હતો. અમે લોકોને અપીલ કરી છે કે આજે રાત્રે બનેલી ઘટના અંગે અફવા ફેલાવવામાં આવે નહીં. પોલીસે લોકોને પરેશાન કરનારા વીડિયો કે તસવીરો ઓનલાઈન શેયર નહીં કરવા વિનંતી કરી છે. લિવરપુલ રિવરસાઈડના સાંસદ કિમ જોનસને કહ્યું કે, મને આશા છે કે દુર્ઘટનાનો શિકાર બનેલા તમામ લોકો સુરક્ષિત છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ ઘટનાને ચોંકાવનારી ગણાવીને અને કહ્યું કે, લિવરપુરની તસવીરો ભયાનક છે. મારી સંવેદના તમામ ઘાયલ લોકો સાથે છે. હું -લોકોને અપીલ કરું છું કે પોલીસને તપાસ માટે જરુરી સમય આપો.

### કેમિકલ પ્લાન્ટમાં ૩૦૦થી વધુ લોકો કામ કરે છે, છ લાપતા

## ચીનના કેમિકલ પ્લાન્ટમાં પ્રચંડ વિસ્ફોટ પાંચના મોત, ૧૯ ઘાયલ

### ગાઓમી શહેરમાં ૨૦૧૯માં સ્થાપિત આ પ્લાન્ટ વાર્ષિક લગભગ ૧૧૦૦૦ ટન પેસ્ટાસાઇડનું ઉત્પાદન કરે છે અને એમાં ૩૦૦થી વધુ લોકો કામ કરે છે

| (એજન્સી) બેઇજિંગ, તા.૨૮ |

ચીનના એક કેમિકલ પ્લાન્ટમાં મંગળવારે ભયંકર વિસ્ફોટની થયો છે. આ વિસ્ફોટમાં પાંચ લોકોના મોત થયા છે, જ્યારે ૧૯ લોકો ઘાયલ થયા છે અને અન્ય છ લોકો લાપતા થયા છે. વિસ્ફોટ પછી આગનો એક ગોળો બન્યો અને કેટલાયે ફૂટ હવામાં ધુમાડાના ગુબ્બારાના સ્વરુપમાં ફેલાઈ ગયો હતો. જોકે એવું મનાય છે કે ખુવારીનો આંક વધી શકે છે. મીડિયામાં ઈમરજન્સી મેનેજમેન્ટ બ્યુરોના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે આ વિસ્ફોટ શેડોંગ પ્રાંતમાં સ્થિત પેસ્ટીસાઈડ ક્લોરપાઈરીફોસના વિશ્વના સૌથી મોટા ઉત્પાદક અને સરકારી માલિકીના શેડોંગ યુદાઓ કેમિકલ પ્લાન્ટમાં થયો છે. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટ મુજબ, ગાઓમી શહેરમાં ૨૦૧૯માં સ્થાપિત આ પ્લાન્ટ વાર્ષિક લગભગ ૧૧૦૦૦ ટન પેસ્ટાસાઈડનું ઉત્પાદન કરે છે અને એમાં ૩૦૦થી વધુ લોકો કામ કરે છે. વિસ્ફોટ થવાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ચીનના સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયો અને



તસવીરોમાં વિસ્ફોટ પછી ફેક્ટરીમાંથી એક વિશાળ ધુમાડોનો ગોળો નીકળતો જોઈ શકાય છે. આ વિસ્ફોટ પછી ઈમરજન્સી ટીમો કેમિકલ પ્લાન્ટમાં પહોંચી ગઈ છે.ઈમરજન્સી મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટે રાહત-બચાવના પ્રયાસોમાં સહાત માટે તાત્કાલિક ટુકડીઓ અને વિશેષ કર્મીઓને મોકલ્યા હતા. જેમાં ફાયર બ્રિગેડ, મેડિકલ નિષ્ણાતો અને વર્કપ્લેસ સેફ્ટી નિષ્ણાતો સામેલ છે. ૨૩૨ ફાયર ફાઈટરોની એક આખી ટુકડી ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ એ વિસ્ફોટની તીવ્રતાથી ડગમગી ગયા હતા અને વિસ્ફોટને લીધે બારીના કાચોમાં તૂટીને ચારેય તરફ ફેલાઈ ગયા હતા.

### કુવૈતમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની સ્થાનિક મીડિયા અને પ્રેસ સાથે વાતચીત

## ભારત આતંકવાદનો સામનો તાકાત, એકતા અને દૃઢનિશ્ચય સાથે કરશેઃ પાંડા

| (એજન્સી) કુવૈત સિટી, તા.૨૮ |

ભાજપના સાંસદ બૈજયંત જય પાંડાના નેતૃત્વમાં ભારતીય સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે કુવૈત સ્થિત ભારતીય પ્રાદેશિક મીડિયાના પ્રતિનિધિઓ અને સ્થાનિક પ્રેસ સાથે વાતચીત કરી હતી તથા આતંકવાદ સામે લડવા માટે ભારતની એકતા અને અડગ રાષ્ટ્રીય સર્વસંમતિ વ્યક્ત કરી હતી. ભારતીય પ્રતિનિધિઓએ કુવૈતમાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરી હતી, જેમાં સરહદ પારના આતંકવાદ સામે ભારતના 'ન્યૂ નોર્મલ' વલણ, ઓપરેશન સિંદૂરની સફળતા, આતંકવાદ સામે રાષ્ટ્રીય સર્વસંમતિ અને રાષ્ટ્રીય હિતના મુદ્દાઓમાં ભારતીય ડાયસ્પોરાના સમર્થન પર ભાર મૂકવામાં આવ્યો હતો.પ્રતિનિધિમંડળે ભારત અને કુવૈત વચ્ચે આતંકવાદ સામે લડવાના સહિયારા ઉદ્દેશ્ય સહિત મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂક્યો હતો તથા ભારતની સીમાપારની આતંકવાદ સામેની કાર્યવાહીની માહિતી આપી હતી. પાંડાએ ઠ પરની એક પોસ્ટ જણાવ્યું હતું કે ભારતનું વલણ મજબૂત છે. અમે કોઈ સમાધાન અને સહિષ્ણુતા વગર આતંકવાદનો સામનો તાકાત, એકતા અને દૃઢનિશ્ચય સાથે કરીશું. સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાથે અમે કુવૈતમાં ભારતીય પ્રાદેશિક મીડિયા અને સ્થાનિક પ્રેસ સાથે વાતચીત કરી હતી તથા સરહદ પારના આતંકવાદ સામે ભારતના અટલ સંકલ્પ અને આ સહિયારી લડાઈમાં કુવૈત સાથેની અમારી ગાઢ વ્યૂહાત્મક ભાગીદારીને શેર કરી કરી હતી. અગાઉ પ્રતિનિધિમંડળે કુવૈત શહેરમાં નેશનલ લાઈબ્રેરી ખાતે 'રિહલા-એ-દોસ્તીઃ ભારત-કુવૈત મિત્રતાના ૨૫૦ વર્ષ' એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. ભારતીય દૂતાવાસ અને એક થિંક-ટેન્ક દ્વારા સહ-આયોજિત આ કાર્યક્રમમાં કુવૈતી સમાજના અગ્રણી નેતાઓ એકત્ર થયા હતાં.

# અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ પુતિન પર બગડ્યાં તો રશિયાએ ત્રીજા વિશ્વયુદ્ધની ધમકી ઉચ્ચારી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે થઈ ગયા છે. જેનું કારણ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન છે. ટ્રમ્પ કોઈપણ કિંમતે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ ઈચ્છે છે. પરંતુ પુતિન તેના માટે તૈયાર નથી. આવી સ્થિતિમાં ટ્રમ્પે પુતિનને સ્પષ્ટપણે કહ્યું હતું કે અમારી વાત ન સાંભળીને, તે આગ સાથે રમી રહ્યા છે, પરંતુ હવે રશિયાએ ટ્રમ્પની ધમકીનો યોગ્ય જવાબ આપ્યો છે. રશિયાના



સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેદવેદેવે કહ્યું કે ટ્રમ્પે પુતિન વિશે કહ્યું છે કે તે આગ સાથે રમી રહ્યા છે અને ટ્રમ્પ હવે રશિયા સાથે કંઈક ખરાબ કરી શકે છે. પણ હું ફક્ત એક જ ખરાબ વાત જાણું છું અને તે છે ત્રીજું વિશ્વ યુદ્ધ. આશા છે કે ટ્રમ્પ આ વાત સમજશે. અમેરિકા અને રશિયાના આ નિવેદનોથી ખાતરી થાય છે કે બંને દેશો વચ્ચે બધું સામાન્ય નથી. અગાઉ, ટ્રમ્પે પુતિન પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે વ્લાદિમીર પુતિને સમજવું જોઈએ કે જો હું ન હોત, તો રશિયા સાથે અત્યાર સુધીમાં ખૂબ જ ખરાબ થઈ ગયું હોત અને મારો મતલબ ખરેખર ખૂબ જ ખરાબ જ છે. તે આગ સાથે રમી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે પહેલા પણ પુતિનને પાગલ કહ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે હું પુતિનને ઘણા લાંબા સમયથી ઓળખું છું, અમારા સંબંધો સારા રહ્યા છે. પરંતુ હવે તે રોકેટ ફાયર કરી રહ્યા છે, શહેરો પર હુમલો કરી રહ્યા છે, લોકોને મારી રહ્યા છે. મને આ બિલકુલ ગમતું નથી. મને સમજાતું નથી કે માણસને શું થયું છે. અમે વાત કરી રહ્યા છીએ અને તે કિવ અને અન્ય શહેરો પર મિસાઈલોનો વરસાદ કરી રહ્યા છે. કંઈક તો ખોટું છે. મને આ બધું બિલકુલ ગમતું નથી.

## બરતરફ કરાયેલાં PSU કર્મચારીને નિવૃત્તિના લાભો નહીં મળેઃ કેન્દ્ર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮|

જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU)ના કોઈપણ કર્મચારીને બરતરફ કરવામાં આવે અથવા કાઢી મૂકવામાં આવે તો તેને નિવૃત્તિના લાભ મળશે નહીં. આ માહિતી આપતાં, કેન્દ્ર સરકારે કહ્યું કે આવી બરતરફીના નિર્ણયની સમીક્ષા સંબંધિત વહીવટી મંત્રાલય દ્વારા કરવામાં આવશે. કર્મચારી મંત્રાલયે આ સંદર્ભમાં કેન્દ્રીય નાગરિક સેવાઓ (પેન્શન) નિયમો, ૨૦૨૧માં મોટા ફેરફારો કર્યા છે.તાજેતરમાં સૂચિત સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (પેન્શન) સુધારા નિયમો ૨૦૨૫ અનુસાર, કોઈપણ કર્મચારીને જાહેર ક્ષેત્રના ઉપક્રમમાં જોડાયા પછી કોઈપણ ગેરવર્તણૂક બદલ બરતરફ કરવા અથવા હટાવવા પર નિવૃત્તિ લાભો જપ્ત કરવામાં આવશે.આ નિયમો ૨૨ મેના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા. જેમાં કહેવાયું હતું કે 'કોઈ કર્મચારીની બરતરફી, હકાલપટ્ટી અથવા છટણીના કિસ્સામાં ઉપક્રમના નિર્ણયની સંબંધિત મંત્રાલય દ્વારા વહીવટી સમીક્ષા કરવામાં આવશે. અગાઉના નિયમો હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમના કર્મચારીને બરતરફ કરવા અથવા દૂર કરવાના કિસ્સામાં નિવૃત્તિ લાભો જપ્ત કરવાની મંજૂરી નહોતી.જ્યારે રેલવે કર્મચારીઓ, આકસ્મિક અને દૈનિક વેતન રોજગારમાં સામેલ વ્યક્તિઓ ઉપરાંત ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય પોલીસ સેવા (IPS) અને ભારતીય વન સેવા (IFoS)ના અધિકારીઓને આ નિયમ લાગુ નહીં પડે.

## જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગની તૈયારી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી રોકડ રકમ મળી આવવાના કેસમાં કેન્દ્ર સરકાર મોટું પગલું ભરી શકે છે. તે આગામી ચોમાસુ સત્રમાં જસ્ટિસ વર્મા વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવી શકે છે. સુપ્રીમ કોર્ટના ત્રણ સભ્યોની પેનલ દ્વારા જસ્ટિસ વર્મા સામેના આરોપોને મજબૂત માન્યા બાદ અને સીજેઆઈ જસ્ટિસ સંજીવ ખન્નાએ મહાભિયોગની ભલામણ કર્યા બાદ આ પગલું લેવામાં આવી શકે છે. મહાભિયોગ પ્રસ્તાવ પર વિચાર કરવા માટે, લોકસભામાં ઓછામાં ઓછા ૧૦૦ સભ્યો અને રાજ્યસભામાં ઓછામાં ઓછા ૫૦ સભ્યો દ્વારા પ્રસ્તાવ રજૂ કરવો જરૂરી છે. મહાભિયોગનો અંતિમ તબક્કો બંને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતીથી પસાર થાય છે. બંધારણીય અદાલતના ન્યાયાધીશને ફક્ત બે આધાર ભ્રષ્ટાચાર અને અસમર્થતા પર જ પદ પરથી દૂર કરી શકાય છે. જ્યારે રાજ્યસભા કે લોકસભા દ્વારા મહાભિયોગ પ્રસ્તાવ સ્વીકારવામાં આવે છે, ત્યારે તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવી પડે છે. આ સમિતિનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ કરે છે. તેમાં કોઈપણ એક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને એક વરિષ્ઠ ન્યાયશાસ્ત્રીનો સમાવેશ થાય છે. જો રચાયેલી સમિતિ ન્યાયાધીશને દોષિત માને છે, તો સમિતિનો અહેવાલ તે જ ગૃહ દ્વારા સ્વીકારવામાં આવે છે જેમાં તે પ્રથમ રજૂ કરવામાં આવ્યો હતો. તે પછી, ન્યાયાધીશને હટાવવા અંગે ચર્ચાની પ્રક્રિયા શરૂ થાય છે. ચર્ચા પછી, તેને ગૃહમાં હાજર સભ્યોના ૨/૩ બહુમતીથી પસાર કરવો પડે છે. બંને ગૃહો દ્વારા તેને પસાર કર્યા પછી, તે રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે જે ન્યાયાધીશને હટાવવાનો નિર્ણય લે છે.

## બાંકે બિહારી મંદિર મામલે યોગી સરકારને સુપ્રીમ કોર્ટે ખખડાવી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં આવેલા પ્રખ્યાત શ્રી બાંકે બિહારી મંદિરના સંચાલનને લઈને મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારનો ઉધડો લેતા સવાલ કર્યો હતો કે આ સમગ્ર મામલામાં રાજ્ય પક્ષકાર નથી તો પછી કેમ દખલ દેવા માગે છે? કઈ સત્તાના આધારે રાજ્ય સરકારે આ વિવાદમાં પ્રવેશ કર્યો? ઉત્તર પ્રદેશ સરકારે મથુરામાં આવેલા પ્રખ્યાત શ્રી બાંકે બિહારી મંદિરના પુનઃવિકાસ માટે યોજના જાહેર કરી છે, જેને સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયમાં સુધારો કરવાની માગ કરતી અરજી અરજદાર દેવેન્દ્રનાથ ગૌસ્વામી દ્વારા કરાઈ હતી. અરજદાર વતી હાજર વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે મંદિરનું ૩૦૦ કરોડનું ફંડ ઉત્તર પ્રદેશ સરકારને આપી દેવાયું, જેમાં અમને પક્ષકાર પણ બનાવવામાં ના આવ્યા. ખાનગી મંદિરની આવક સરકારને કેવી રીતે સોંપી શકાય? આ સમગ્ર મામલામાં રાજ્ય સરકારે પોતાને પક્ષકાર બનાવવા માટે અરજી કરી હતી, જેને પગલે સુપ્રીમ કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે શું રાજ્ય સરકાર આ મામલામાં પક્ષકાર હતી? કઈ સત્તાના આધારે વિવાદમાં સામેલ થઈ? જો ખાનગી વિવાદોમાં રાજ્ય સરકાર પ્રવેશવા લાગશે તો કાયદાના શાષનનો ભંગ થશે.

## બાવળાના પનામા ગેસ્ટ હાઉસમાંથી ગર્ભપાતનું મોટું રેકેટ ઝડપાઈ ગયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર બાવળામાં આવેલા પનામા ગેસ્ટ હાઉસમાંથી પોલીસ એક ગેરકાયદેસર રીતે ચાલતા ગર્ભપાતના રેકેટનો ભાંડાફોડ કર્યો છે. અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ સ્વાસ્થ્ય વિભાગની ટીમ સાથે મળીને ગેસ્ટ હાઉસ પર દરોડા પાડી ત્રણ મહિલાઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી ત્યારે થઈ, જ્યારે પોલીસને ઈનપુટ મળ્યા કે અહીં કોઈ પણ મેડિકલ પ્રેક્ટિસ વિના ગેરકાયદેસર રીતે ગર્ભપાત થઈ રહ્યા છે. દરોડા દરમ્યાન ઘટનાસ્થળેથી એક ભ્રૂણ પણ જપ્ત થયું છે. જેની પુષ્ટિ થઈ છે કે હાલમાં જ મહિલાનું ગર્ભપાત થયું છે. ધરપકડ મહિલાઓમાં મુખ્ય આરોપી મૂળ ધોળકાના કલિકુંડની રહેવાસી હેમલતાબેને નર્સિંગનો કોર્સ કર્યો છે અને પહેલા સંતોકબા હોસ્પિટલમાં ડોક્ટર સાથે કામ કરી ચુકી છે.

## દાહોદમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના બહાને યુવક પાસેથી ૯ લાખ સેરવી લીધા

। (એજન્સી) દાહોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં રહેતાં એક ૨૫ વર્ષિય યુવકને સોશીયલ મીડીયાના ટેલીગ્રામ અને વોટ્સએપના માધ્યમથી ૧૪ અજાણ્યા ઈસમો દ્વારા સંપર્ક કરી ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી ઉંચા વળતરની યુવકને લાલચ આપી હતી અને અલગ અલગ સમયગાળા દરમ્યાન યુવકના બેન્ક ખાતામાંથી ઓનલાઈન મારફતે રૂા. ૯,૧૧,૫૭૫ ભરાવડાવી ઓનલાઈન ળોડ કરી મુળ રકમ તેમજ આપવામાં આવેલ ઉંચા વળતરના નાણાં ન ચુંકવતાં આ મામલે યુવકે સાયબર ક્રાઈમ પોલીસ દાહોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે.ઝાલોદ નગરમાં અંબિકા નગર સોસાયટી ખાતે રહેતાં ૨૬ વર્ષિય વિશ્વરાજ દિનેશચંદ્ર કલાલને માર્ચ માસમાં ૧૪ જેટલા અજાણ્યા ઈસમોએ વિશ્વરાજનો સોશીયલ મીડીયાના ટેલીગ્રામ અને વોટ્સએપ માધ્યમથી સંપર્ક કર્યો હતો.

### ચંડોળામાં ફરી ડિમોલિશનની કાર્યવાહી

## અમદાવાદના ચંડોળામાં ધાર્મિક સ્થળો પર બુલડોઝર ફરી વળ્યું





। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના ચંડોળા તળાવમાં ફરી એકવાર ડિમોલિશનની પ્રક્રિયા શરૂ થઈ છે. ચંડોળા તળાવમાં તમામ કાચા પાકા નાના-મોટા મળી ૧૨૦૦૦થી વધુ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા પરંતુ કેટલાક મંદિર-મસ્જિદ જેવા ધાર્મિક સ્થાનો તોડવાના બાકી રાખવામાં આવ્યા હતા. અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ગેરકાયદે દબાણોને લઈને બુધવારે (૨૮ મે) બીજા તબક્કાનો બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વહેલી સવારથી જ જેસીબી અને હિટાચી મશીનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ગુજરાતનું સૌથી મોટું ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે. આ બીજા રાઉન્ડમાં ગરીબ નવાઝ મસ્જિદ, હનુમાનજી મંદિર અને દશામાના મંદિર સહિતના ૪ ગેરકાયદે ધાર્મિક બાંધકામો તોડી પાડવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ અને પોલીસના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સરકારી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ધાર્મિક બાંધકામો દૂર કરવાના હોવાના કારણે કોઈ તંગદિલી ન સર્જાય તે માટે પોલીસનો મોટો કાફલો ગોઠવી દેવાયો છે. હાલ, મંદિર અને મસ્જિદની અંદરના સામાનને બહાર કાઢવામાં આવી રહ્યો છે અને બાદમાં તેને તોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મળતી માહિતી મુજબ, આજે જ આ કાર્યવાહી સંપૂર્ણ કરી કાટમાળ દૂર કરી દેવાશે અને આજુબાજુમાં દીવાલ પણ બનાવી દેવાશે, જેથી અન્ય કોઈ અહીં ગેરકાયદે બાંધકામ ન કરે.

અહીંના સ્થાનિક લોકો દ્વારા હજુ સુધી ધાર્મક દબાણોને લઈને કોઈ વિરોધ કરાયો નથી. પરંતુ, આ વખતે સ્થાનિક સંમતિ સાથે આ ધાર્મિક દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પહેલાં ધાર્મિક બાંધકામ તોડવાના કારણે લોકોમાં નારાજગી જોવા મળી હતી. જોકે, પોલીસ અને તંત્રની સમજાવટ બાદ હવે લોકો સંમત થઈ ગયા છે.

### અમદાવાદની NIDના વિદ્યાર્થીઓની કરામત

## 3D પ્રિન્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને એગ્રિકલ્ચર વેસ્ટમાંથી આકર્ષક બુક શેલ્ફ બનાવી

### માછલીઓ ઉપરનાં ભીંગડાં (સ્કેલ્સ) ની ડિઝાઇન પરથી બનાવી હોઈ, બુકશેલ્ફને સ્કેલ્ક્યુઅન્સ નામ આપ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન-NIDના વિદ્યાર્થીઓએ ક્રેસ્ટ કંપની આયોજિત એગ્રિક્રાફ્ટ સ્પર્ધામાં 3D પ્રિન્ટિંગ ટેકનોલૉજી દ્વારા પરાળી જેવા એગ્રિકલ્ચર વેસ્ટ અને અન્ય મટિરિયલમાંથી બનાવેલા બોર્ડને ડિઝાઈન કરીને સ્કેલ્ક્યુઅન્સ નામની બુક શેલ્ફ બનાવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.



એન.આઈ.ડી.ના બેચલર્સ ઈન ડિઝાઈનમાં ફર્નિચર ઍન્ડ ઈન્ટિરિયર ડિઝાઈનનો અભ્યાસ કરતાં ચાર વિદ્યાર્થીઓ- આશ્રય સચાન, રિદ્ધિમા પાંડે, કવીશ લાઈન્સવાલા અને આર્યમાન ભગાડેએ તેમની ટીમને 'ગ્રીન મંકી' નામ આપ્યું છે. આ અંગે 'ગ્રીન મંકી' ગ્રૂપના વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર સમગ્ર દેશમાંથી કુલ ૧૨ ટીમ સિલેક્ટ થઈ હતી જેમને રિક્રિએટ, અર્બન પ્લાન્ટર અને બાયો મિમિક્રી એમ અલગ-અલગ ત્રણ કેટેગરીમાં ટાસ્ક આપવામાં આવ્યા હતા. જે એક મહિનામાં પૂરું કરવાનું હતું. જેમાંથી ગ્રીન મંકી ટીમ દ્વારા માત્ર સાત દિવસમાં 'બાયો મિમિક્રી' એટલે કે પર્યાવરણના કોઈ તત્ત્વ-પરિમાણમાંથી પ્રેરણા લઈને આ ડિઝાઈન બનાવવામાં આવી હતી.

તેમણે કહ્યું કે કોમ્પિટિશનની થીમ નેચરબેઝ્ડ હતી. જેથી માછલીઓ ઉપરનાં ભીંગડાં(સ્કેલ્સ)ની ડિઝાઈન પરથી વિચાર આવ્યો હોઈ, સ્કેલ્ક્યુઅન્સ નામ આપ્યું છે.

### કોરોનાનો હાહાકાર

## ગાંધીનગરમાં કોરોનાના બે કેસ નોંધાયા, બંને દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા

### એક મહિલા હાયપરટેન્શન અને હૃદયની સમસ્યા હોવાથી તેમને અસારવા સિવિલમાં દાખલ કરાયા છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાતમા હાલમા કોરોનાના ૧૦૦ કરતા વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. રાજ્યમાં હોસ્પિટલમાં સારવાર લેવી પડે તેવા દર્દીઓનું પ્રમાણ ખૂબજ ઓછું છે. ગાંધીનગરમાં કોરોનાના બે કેસ નોંધાયા છે. જેમાં એક પૂરૂષ અને એક મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ દર્દીઓમાં એક દર્દી સરગાસણ અને બીજો સેક્ટર-૧૩નો હોવાનું માલુમ પડયું છે. બંને દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યાં છે.

અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે શહેરના એક્ટિવ કેસનો આંક ૭૬ થઈ ગયો છે. શહેરમાં માત્ર બે દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.જેમાં એક મહિલા હાયપરટેન્શન અને હૃદયની સમસ્યા હોવાથી તેમને અસારવા સિવિલમાં દાખલ કરાયા છે.મે મહિનામાં અમદાવાદમાં ૮૯ કેસ નોંધાયા છે જેમાંથી ૧૩ દર્દીઓ સાજા થયા છે.

રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬ કેસ નોંધાયા છે.અત્યાર સુધી રાજકોટમાં કુલ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં એક દર્દી સંપૂર્ણ સ્વસ્થ થયાં છે અને ૧૦ દર્દીઓ સારવાર હેઠળ છે. અમદાવાદ, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં કેસમાં વધારો જોવા મળ્યો છે, જેમાં અમદાવાદ સૌથી વધુ એક્ટિવ કેસ સાથે આગળ છે.હોસ્પિટલોમાં દર્દીઓ માટે બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગે લોકોને માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ રાખવા સલાહ આપી છે. નાગરિકોને ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળવા અને લક્ષણો દેખાય તો તાત્કાલિક તપાસ કરાવવાની અપીલ કરવામાં આવી છે.

### ૨૫ જૂને આવશે પરિણામ

## ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર, ૨૨ જૂને મતદાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્ય ચૂંટણી પંચે રાજ્યની ૮૩૨૬ ગ્રામપંચાયતો માટે ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. આ જાહેરાત સાથે જ રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં રાજકીય હલચલ તેજ બનવાની શક્યતા છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત બાદ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવશે.

લાંબા સમયથી પેન્ડીંગ રહેલી ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખોનું એલાન કરાયું છે. ગુજરાતની ૮૩૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૨૨ જૂને મતદાન યોજાશે અને ૨૫ જૂને મતગણતરી હાથ ધરાશે. ૨ જૂને ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પડાશે. ૯ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. ૧૦ જૂને ફોર્મની ચકાસણી કરાશે અને ૧૧ જૂન સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. આજથી જ્યાં ગ્રામ પંચાયતો છે ત્યાં આચારસંહિતાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ૮૩૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણી બુલેટ પેપરથી મતદાન થશે. ૩,૬૩૭ પેટા ચૂંટણી અંતર્ગત યોજાશે. ૫૧૧૫ સરપંચની ચૂંટણી યોજાવાની છે. તેના માટે ૧૬,૫૦૦ મતદાન મથકો બનાવવામાં આવશે. ૨૮,૩૦૦ જેટલી મત પેટી હશે. એક કરોડ ત્રીસ લાખથી વધુ મતદારો ૮૩૨૭ ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ નક્કી કરશે. કુલ બેઠકોમાં ૫૦% મહિલાઓ માટે રિઝર્વ રાખવામાં આવી છે. ૨૭% અનામત ઓબીસી સંદર્ભમાં ચૂંટણી ડીલે થઈ હોવાનો દાવો કર્યો છે. કડીમાં બે તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણી આવે છે. કડી અને જોટાણા કુલ ૧૦૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી આવે છે. વિસાવદરના ચાર તાલુકામાં ૪ વિસાવદરમાં ૩૩, જુનાગઢ ૨૦, બગસરામાં ત્રણ અને ભેસાણ સહિત કુલ વિસાવદરમાં ૭૫ જગ્યાએ ચૂંટણી યોજાશે. ૩૦ જૂન સુધી ખાલી થનાર તમામ ગ્રામ પંચાયતોને આવરી લેવાય છે. માત્ર કોર્ટ મેટર હોય એવી જ ગ્રામ પંચાયતો બાકી રખાય છે.

રાજ્યની ૮૨૪૦ જેટલી ગ્રામપંચાયતની ચૂંટણી યોજવા માટે રાજ્ય ચૂંટણીપંચ જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો-કોન્ફરન્સિંગથી ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે. દરમિયાન, વિસાવદર અને કડીમાં યોજાનારી પેટા ચૂંટણીને લઈને પણ રાજકીય ગતિવિધિઓ શરૂ થઈ ચૂકી છે. ભાજપ અને કોંગ્રેસમાં સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેનાં આધારે યોગ્ય ઉમેદવારોની પસંદગી માટે કાર્યકરો અને સ્થાનિક નેતાઓ સાથે ચર્ચા હાથ ધરવામાં આવી રહી છે. ભાજપના નિરીક્ષકો કડી અને વિસાવદર પહોંચ્યા છે અને કાર્યકરોની સેન્સ લઈને પાર્લામેન્ટરી બોર્ડમાં રજૂ કરશે. ભાજપના ૩ નિરીક્ષક તમામ દાવેદારોને સાંભળશે. બંને બેઠકો પર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આ સેન્સ પ્રક્રિયા યોજાશે.

### રેલવે સ્ટેશન ખાતેથી શંકાસ્પદ છ ઇસમોની ધરપકડ કરી

## ગાંધીધામમાં કન્ફર્મ રેલવે ટિકિટની લાલચ આપી પ્રવાસીઓને છેતરતી ટોળકી પકડાઇ

। (એજન્સી) ગાંધીધામ, તા.૨૮ ।

ગુજરાતનાં અલગ-અલગ રેલવે સ્ટેશન પર મુસાફરોને કન્ફર્મ રેલવે ટિકિટ કરાવી આપવાની લાલચ આપી ઠગાઇ આચારતી ટોળકીને ગાંધીધામ રેલવે પોલીસ ટીમે અંજાર રેલવે સ્ટેશન ખાતેથી ઝડપી લઈ કૂલ ૧૦ વણ ઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલ્યો. છેલ્લા કેટલાક દિવસોમાં કન્ફર્મ ટિકિટ કરાવી અપાવવાની લાલચ/વિશ્વાસ આપી ઠગાઇ કરી મોબાઈલ એટીએમ કાર્ડ અને અન્ય કીમતી ચીજ વસ્તુઓ પડાવી લેવા અંગે નોંધાયેલ વણઉકેલાયેલા ગુના સંદર્ભે આ ગુનાઓનો ભેદ ઉકેલવા કરાયેલ સૂચના તેમજ માર્ગદર્શન, અનુસંધાને ગાંધીધામ રેલવે પોલીસ સ્ટેશને આ ગુનો ઉકેલ્યો હતો. ગાંધીધામ પોલીસ સ્ટેશનની પોલીસ ઈન્સ્પેક્ટર પી.આર.સોલંકી, પીએસઆઇ જે.બી કુરેશી અને પોલીસ સ્ટાફ દ્વારા આ પ્રકારના ગુન્હાઓનો ભેદ ઉકેલવા ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ મારફતે એકત્રિત કરેલ ઈનપુટ્સ અને આર.પી.એફ. પો.સબ.ઈન્સ ઓ.પી.કોહલી દ્વારા ઉપલબ્ધ કરાયેલ સી.સી. ટી.વી. ફુટેજ આધારે ગાંધીધામ રેલવે પોલીસ ટીમને ગાંધીધામ રેલવે પોલિસ સ્ટેશન વિસ્તારના અંજાર રેલવે સ્ટેશન ખાતેથી શંકાસ્પદ છ ઈસમોની ધરપકડ કરી હતી. આ છ ઈસમો રામપુકાર ગરભુ મહતો, સુરેન્દ્ર મહતો, વિવેક, વૈદેહી મહતો, બ્રહ્મદેવકુમાર, દિલિપકુમાર અને રાજકુમાર મુદ્દામાલ અને રોકડ રકમ સાથે મળી આવ્યા હતા. તેઓની ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે આ ઈસમો ૩-૩ ની ટોળકી(જૂથ) બનાવી રેલવે સ્ટેશન પર આવી પરપ્રાંતીય મુસાફરોને ટાર્ગેટ કરતા તેને પોતાના પરિચિત રેલવે અધિકારી/કર્મચારી મારફતે કન્ફર્મ ટિકિટ કરાવી આપવાની ખાતરી આપી, મુસાફરનો મોબાઈલ, છ્સ્કાર્ડ, રોકડ રકમ અને અન્ય કીમતી ચીજ વસ્તુઓ ઠગાઈ આચરી પડાવી લેતા અને મુસાફરને રાહ જુઓ હમણા જ આપની કન્ફર્મ ટિકિટ આવી જશે તેવો વિશ્વાસ આપી પોતે નાસી જતાં હતા. મોબાઈલ અથવા છ્સ કાર્ડ મારફતે મુસાફરોના એકાઉન્ટમાંથી રોકડ રકમ ઉપાડી ગુન્હા આચરવાની ટેવ વાળા હતા.આ છ ઈસમોને ટોળકીને પકડી પાડી કૂલ ૧૬ મોબાઈલ ફોન, ૬ એટીએમ કાર્ડ, એક સ્માર્ટ વોચ. અને રૂ. ૧.૪૩ લાખની રોકડ રકમ કબજે કરવામાં આવેલ છે.

## નિકોલમાં લગ્નની લાલચ આપી યુવકે સગીરા સાથે દુષ્કર્મ કર્યુ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

નિકોલમાં સોશિયલ મીડિયા થકી સગીરાને એક યુવક સાથે સંપર્ક થયો હતો. બાદમાં યુવકે સગીરાને લલચાવી ફોસલાવી પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યુ હતું. સગીરા ટ્યૂશનથી ઘરે ન આવતા તપાસ કરતા તે યુવક સાથે મંદિરે દર્શન કરવા જતી રહી હતી. જ્યારે માતા-પિતાએ ૧૫ દિવસ પહેલા પણ સગીરાને મોબાઈલમાં યુવક સાથે વાતચીત કરતા પકડી હતી. આ અંગે સગીરાના પિતાએ યુવક સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.કઠવાડામાં રહેતા સગીરાના માતા-પિતા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૨૬મેએ પતિ-પત્ની નોકરી પર ગયા હતા તે સમયે ૧૬ વર્ષની સગીર પુત્રી અને સગીર પુત્ર ઘરે હતા. સગીરા ટ્યુશન જવા ઘરેથી નીકળી હતી, પરંતુ ઘણો સમય થવા છતાં ઘરે આવી ન હતી. જેથી સગીરાના ભાઈએ ફોન કરીને માતાને જણાવ્યું હતું. જે બાદ માતા-પિતા ઘરે આવીને સગીરાની શોધખોળ કરી, પરંતુ મળી ન હતી. ૧૫ દિવસ પહેલા સગીરાને મોબાઇલમાં કેવલ મકવાણા સાથે વાતચીત કરતા માતા-પિતાએ પકડી હતી અને ઠપકો આપ્યો હતો. જેથી કેવલને ફોન કરતા સગીર પુત્રીએ ઉપાડીને કહ્યું કે, અમે મરતોલી મંદિરે દર્શન કરવા આવ્યા છીએ થોડીવારમાં આવીએ છીએ. ત્યારબાદ સગીરા પરત આવી ત્યારે તેને પૂછતા જણાવ્યું કે, ત્રણ મહિના પહેલા કેવલ સાથે સંપર્ક થયો હતો અને બંને એકબીજા સાથે વાતો કરતા હતા. એક મહિના પહેલા માતા-પિતા ન હોવાથી કેવલ સગીરાના ઘરે આવ્યો અને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યુ હતું. જે બાદ ગત ૨૬મેએ કેવલ ફ્લેટ નીચે આવીને સગીરાને લઈને ગયો હતો. આ અંગે પિતાએ કેવલ સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં પોક્સો સહિતની કલમ હેઠળ ફરિયાદ નોધાવી છે.

### રાજ્યના અનેક ભાગમાં ભારે પવન સાથે વરસાદની વકી

## રાજ્યમાં વરસાદની તોફાની બેટિંગ: હાંસોટમાં સાડા ત્રણ ઈંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાના જિલ્લાઓમાં સાડા ત્રણ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ભરૂચ જિલ્લાના હાંસોટમાં સાડા ત્રણ ઈંચ, ભાવનગરના મહુવામાં ત્રણ ઈંચ, ભરૂચ, વલસાડના ઉમરગામ અને સુરતનાં માંગરોળમાં બે ઈંચ, નેત્રંગમાં પોણા બે અને ઓલપાડમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. દિવસભર વરસાદના પગલે ગરમીથી રાહત મળી છે. વલસાડમાં વીજળી પડતાં ચાર ભેંસ દાઝી ગઈ છે. ભરૂચ જિલ્લામાં, સવારે ૧૦ વાગ્યા સુધીમાં હાસોટ તાલુકામાં ૮૪ મીમી, ભરૂચમાં ૫૪ મિમી, નેત્રંગમાં ૪૪ મીમી, અંકલેશ્વરમાં ૩૨ મીમી, ઝઘડિયામાં ૨૬ મીમી, વાલિયામાં ૨૬ મીમી અને વાગરામાં ૧૫ મીમી વરસાદ નોંધાયો છે.દક્ષિણ ગુજરાતમાં નવસારીના વિવિધ તાલુકાઓમાંથી ચીખલીમાં- ૪૬ મિમી (૧.૯૧ઈંચ), વાંસદામાં- ૩૮ મિમી (૧.૫૮ ઈંચ), ખેરગામમાં- ૩૨ મિમી (૧.૩૩ ઈંચ), ગણદેવીમાં- ૨૫ મિમી (૧ ઈંચ), નવસારીમાં - ૨૦ મિમી (૦.૮ ઈંચ), જલાલપોરમાં-૦૫ મિમી વરસાદ પડ્યો હતો. વલસાડ ૧.૨૪ ઈંચ, ધરમપુર ૧.૫૦ ઈંચ, ઉમરગામ ૨.૦૦ ઈંચ, વાપી ૦.૫ ઈંચ, પારડી ૦.૫૯ ઈંચ અને કપરાડા ૦.૬૦ ઈંચ વરસાદ નોંધાયો છે.સુરત જિલ્લામાં ઓલપાડમાં ૩૧ મીમી, માંગરોળમાં ૪૫ મીમી, ઉમરપાડા ૧૦ મીમી, કામરેજમાં ૨૪ મીમી, સુરત શહેર ૯ મીમી અને ચોર્યાસીમાં ૫ મીમી વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં ભાવનગરના મહુવામાં બે કલાકમાં ધોધમાર ત્રણ ઈંચ વરસાદ વરસી ગયો હતો તો અમરેલી જિલ્લામાં પણ ભારે વરસાદ નોંધાયો છે. તોફાની પવન ફૂંકાતા ભાવનગર સહિતના સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં મીની વાવાઝોડા જેવો માહોલ સર્જાયો હતો. તળાજામાં એક ઈંચ નોંધાયો હતો. ગીર પંથકમાં ફરી મેઘમંડાણ થયાં છે અને ધોધમાર વરસાદ વરસ્યો છે. જૂનાગઢમાં વરસાદને લઈને ગિરનારની રોપ વે સેવા બંધ કરી દેવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લામાં વહેલી સવારથી વરસાદ વરસ્યો હતો. ઉનાના કંસારી, ભાચા સહિતના ગામોમાં વરસાદ નોંધાયો છે.. ગીર ગઢડાના ધોકડવા, જામવાળા સહિતના ગામોમાં વરસાદ પડ્યો છે.



